॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357

**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## ॥ પ્રકાશના પંથે : એક આધ્યાત્મિક દસ્તાવેજ ॥

'પ્રકાશના પંથે' એ મહાત્મા યોગેશ્વરજીની આત્મકથા છે. પ્રારંભમાં જ લેખકે કહ્યું છે કે; 'પોતે એ આત્મકથા સત્યને વફાદાર રહીને, કીર્તિની કે ધનસંપત્તિની ઈચ્છા રાખ્યા સિવાય અભીપ્સુઓને તેથી માર્ગદર્શન મળે, સહધર્મીઓને પ્રોત્સાહન મળે એ હેતુથી લખી છે.' એમાં કોઈ કપોળ-કલ્પના નથી, અતિશયોક્તિ નથી પણ એક નક્કર આધ્યાત્મિક આત્મ-ઈતિહાસ છે. આવા ગ્રંથોનું મૂલ્ય ઘણું હોય છે, તે બીજાઓને પ્રકાશને પંથે જવાની પ્રેરણા પૂરી પાડે છે એટલે એ એક પરોપકારબુદ્ધિથી લખાયેલી આત્મકથા છે. પોતાને નાનપણથી મુંબઈ, અનાથ બાળકોના આશ્રમમાં હતા ત્યારથી રોજનીશી લખવાની ટેવ પડી હતી; એટલે એક 'આધ્યાત્મિક દસ્તાવેજ' તરીકે જ આપણે એનું મૂલ્ય આંકવાનું છે. એક અંગ્રેજ કવિએ ઠીક જ કહ્યું છે કે : 'Lives of great men all remind us we can make our lives sublime, And departing leave behind us Foot-prints on the sands of Time.'

આ મહાકાળના પથ ઉપર મૂકેલાં એક સાધક મહાત્મા યોગીનાં પદચિહ્નો છે, જેથી બીજા સાધકોને તેમાંથી ઘણુંઘણું જાણવાનું મળે; અને પૂર્ણતાના પથ પર આગળ વધવાનાં ઉત્સાહ, પ્રેરણા હિંમત અને બળ મળે.

**–શ્રી શાંતિલાલ ઠાકર**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## તા. ૨૪ ડિસેમ્બર ૧૯૭૭
## ॥ 'પ્રકાશના પંથે'નો પ્રકાશનદિન ॥

અહમ્‌ની ગ્રંથિમાંથી મુક્ત કરી,
આત્માની દિશા સૂચવનાર
આ મહાગ્રંથને શત શત વંદન !
એના મહાન રચયિતા પરમ પૂજ્યશ્રી
યોગેશ્વરજીને કોટિ કોટિ પ્રણામ !



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| ૧. શ્રી યોગેશ્વરકથામૃત | 'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. ગુરુ બ્રહ્મા | ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૦ |
| ૩. શ્રી રમણ મહર્ષિનું જીવન | તરલા દેસાઈ | ૧૫ |
| ૪. શ્રી મા આનંદમયી પ્રસંગપરાગ | ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૨૫ |
| ૫. સ્વામી શ્રી સહજાનંદજી | 'કેવળ પ્રભુપ્રેમ' | ૨૮ |
| ૬. શ્રી અરવિંદ અને માતાજી | શ્રી કાર્તિકેય ભટ્ટ | ૩૦ |
| ૭. તબકી કહે કબીર | હરીન્દ્ર દવે | ૩૩ |
| ૮. દયામાતા | સંપાદન | ૩૮ |
| ૯. જ્ઞાનમાતા | સંપાદન | ૪૧ |
| ૧૦. દ્રૌપદી | અનુ. જયા મહેતા | ૪૮ |
| ૧૧. ભગવાન પર ગુસ્સો | શ્રી અજય જાની | ૫૬ |
| ૧૨. નહીં અપેક્ષા, નહીં ઉપેક્ષા | પ્રભા મરચન્ટ | ૬૩ |
| ૧૩. ઝેનકથા | નીલરત્ન દેસાઈ | ૬૪ |

# નિવેદન : 'પ્રકાશના પંથે'માં પ્રસરતો પરમાત્માનો પ્રકાશ

પોતાના લોકોત્તર જીવન દ્વારા પ્રેરણા તથા પ્રકાશ પાથરીને, અસંખ્ય આત્માઓને પથપ્રદર્શન પહોંચાડીને જ્યોતિર્ધરોની પ્રાણવાન પરંપરાને વધારે પ્રકાશવંતી બનાવનાર મહાત્મા શ્રી યોગેશ્વરજીની આત્મકથા 'પ્રકાશના પંથે' સાથેનો આપણો સજીવ નાતો આપણને પ્રતીતિ કરાવે છે કે, આના રચયિતા પૂર્ણ સંત છે, તેઓશ્રી પરમાત્મામાં સમાઈને પરમાત્માનું રૂપ બની ચૂક્યા છે. આપણને વીજળી એ તાર દ્વારા મળે છે કેમકે એ તાર પાવરહાઉસ સાથે જોડાયેલો છે.

વિશ્વભરના ધર્મગ્રંથો, તત્ત્વવેત્તાઓ પાસેથી એક જ સંદેશો મળે છે કે, આત્મા અને પરમાત્માનું મૂળ એક જ છે. જ્યારે આત્મા પોતાને ઓળખી લે છે ત્યારે એના અંતરમાં મૂળને ઓળખવાની અભીપ્સા પ્રચંડ જ્વાળાનું રૂપ લઈ લે છે. જ્યારે તે મૂળની સાથે મેળાપ કરી, મૂળ જેવો જ બની જાય છે. પોતાના અસ્તિત્વનો વિલય કરી દે છે ત્યારે દ્વૈતનો પડદો દૂર થઈ જાય છે ને અદ્વૈતનો ડંકો બાજી ઊઠે છે.

'પ્રકાશના પંથે' ચાલતાં-ચાલતાં પથિક સ્વયં પ્રકાશમાં રૂપાંતરિત થઈ જાય. માનવી પરમાત્માનું પ્રત્યક્ષ રૂપ બની જાય તો પછી એને બહાર-ભીતર સર્વત્ર એક જ પરમાત્માનો પ્રકાશ દેખાવા લાગે છે. અને એ અજવાસ ગ્રન્થમાં પ્રસરી, ગ્રન્થને જ ઝળહળ નથી કરતો; આપણામાં પણ અજવાળાની દિશાનું આકર્ષણ પેદા કરી આપણને પરમાત્મા-અભિમુખ તો કરી જ દે છે. લેખકશ્રીનો કૃતિ-ચૈતન્યપ્રસારનો હેતુ આમ અહીં પૂર્ણ થાય છે. અને આપણને ધન્ય કરી રહે છે.



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૭૧**

**તા. ૨૬-૧-૮૩, બુધવાર, મહા સુદ બારશ ૨૦૩૯**

**કેપટાઉન**

LENESIA TIMES January, 1983

THE QUEST FOR INNER PEACE

A HINDU hermit from the Himalayas has come out of the tiger and cobra ridden jungles of India to counsel materially-corrupt urbanised man why he is today facing wroldwide violence, misery, crime and impending annihilation.

Mahatma Yogeshwarji (62) who studied the "self Enquiry" (Vichara) Path of the Great Sage Ramana Maharshi paid a visit to South Africa this month to deliver a series of talks on attaining inner spiritual peace and bliss in a rat-race world of ruthless ambitions and corrupt materialism.

"One need not flee to the jungles and mountains to find inner bliss." The ma-

hatma said in an interview in Lenesia. "One needs to flee from one's own ignroance out of which arises all errros and evil."

"We need to divroce ourself from false and transient values such as material possessions which serve no good and lasting purpose. We need to flee from lust, greed, ambition, anger, envy, jealousy, hatred and attachment to immroal and evil passions." Mahatma Yogeshwarji said.

He said man was froever desiring material possessions and false love. He ran after these things and once he possessed such, became a slave to them. Man's troubles began when he became attached to these fleeting non-lasting things, because when he lost them (be it love, money, clothing, cars and other property), his whole world crumbled around him and he was plunged into misery and grief.

The saints and sages of India were blissfully happy eternally because unlike



ordinary, ignroant man, they rose above false values and instead sought the lasting values that came from meditation and contemplation of God and through selfless service to humanity without seeking recognition and rewards. This, he said, was true Bhakti (devotional) Yoga.

Mahatma Yogeshwarji said crime, violence, wars, epidemics and other evils were the results of evil and base passions which were being cultivated in spiritually bankrupt men who were out of touch with God, the Lrod of the Universe. Such men were the prisoners of ignroance, the cause of all suffering.

People who practiced yoga meditations daily and studied the scriptures such as the Vedas and other revealed teachings of saints, sages and prophets, would become free of the evils of the lower nature in man which flourished in the darkness of ignorance, he said.

The great sage Ramana Maharshi who passed on much of this wisdom and light to Mahatma Yogeshwarji, died in

April 1950 in Tiruvanmalai, South India. Mahatmaji translated a number of Maharshi's books into Gujarati. He has also written 80 books himself. Several of the Maharshi's wroks have also been translated into English by his European disciples of past like Paul Brunton, Arthur Obsrone and Mouni Sadhu.

Mahatma Yogeshwarji said he did not belong to any particular paths sect. He saw good in all enlightened spiritual paths including the mystical path of the Sufi saints of Islam.

He said he has been living in the Himalaya mountains and jungles for 10 years. He leaves this retreat when he has to travel around the world on his lecture tours. "I speak on the Gita, Vedas, Bible, Kroan and any other revealed scriptures." he said.

[‘લેનેશિયા ટાઈમ્સ’ સામયિકમાં પૂ.શ્રી યોગેશ્વરજીની મુલાકાત, એના જાન્યુઆરી, ૧૯૮૩ના અંકમાં પૂ.શ્રીની તસ્વીર સાથે, આ રીતે પ્રકાશિત થઈ હતી.]

**–મા સર્વેશ્વરી**



# ।। ગુરુ બ્રહ્મા ।।

ભારતીય પરંપરામાં હજારો વર્ષોથી અસ્ખલિત રીતે ગુરુમહિમાનું ગાન કરતી હૃદયની પ્રાર્થના કહો તો પ્રાર્થના અને અંતરના ભાવ કહો તો ભાવ સમાન આ શ્લોક છે :

**गुरुर्ब्रह्मा गुरुर्विष्णुर्गुरुदेवो महेश्वर,**
**गुरु साक्षात् परब्रह्म, तस्मै श्री गुरुवे नमः**

આનો અર્થ એ છે કે ‘‘ગુરુ બ્રહ્મા છે, ગુરુ વિષ્ણુ છે, ગુરુ મહેશ્વર છે. ગુરુ એ જ પરબ્રહ્મ છે, માટે એમને હું નમન કરું છું.’’

આ શ્લોકના કોઈ રચયિતા નથી. હજારો વર્ષ પૂર્વે લોકહૃદયમાં ગૂંજતી ભાવનામાંથી એનું સર્જન થયું હોય તેવું બને, પરંતુ આ માત્ર ગુરુમહિમાની જ વાત નથી. એની ભીતરમાં ગુરુની પ્રયોગશાળામાં શિષ્ય પર થતા પ્રયોગોની પૂર્ણ કથા છે. ભારતીય સંસ્કૃતિમાં સૃષ્ટિના સર્જન સાથે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર સંકળાયેલા છે. આ ત્રિમૂર્તિ સર્જન, સંવર્ધન અને સંહારની પ્રક્રિયાઓની પ્રતીક છે.

બ્રહ્માને સૃષ્ટિકર્તા માનવામાં આવે છે. સૃષ્ટિરચના માટે એમણે પ્રજાપતિનું નિર્માણ કર્યું. પુરાણો અનુસાર બ્રહ્માના ચાર મુખથી ચાર વેદોનું નિર્માણ થયું અને એમણે પુરાણોનું પ્રવચન આપ્યું. એમ બ્રહ્મા એ નિર્માતા છે, તો ગુરુ પણ શિષ્યના નિર્માતા છે.

ધર્મશાસ્ત્રોનો ગહનતાથી વિચાર કરીએ તો ખ્યાલ આવશે કે ઉપનિષદોમાં બ્રહ્માને ‘તત્ત્વજ્ઞ આચાર્ય’ કહ્યા છે. આ રીતે ગુરુ પણ પોતાના શિષ્યનું નિર્માણ કરે છે. આ નિર્માણ કરતી વખતે એ પથ્થરમાંથી કોઈ શિલ્પ ઘડે, એ રીતે શિષ્યના વ્યક્તિત્વ પર,

વિચારો પર, એના જ્ઞાન, દર્શન ને ચારિત્ર્ય પર ટાંકણાંથી સૂક્ષ્મ કોતરણી કંડારતા હોય છે. એ શિષ્યને જગાડે છે. આનું કારણ એ એ કે સામાન્ય રીતે માનવી મોહસ્વપ્નની ઘોર નિદ્રામાં સૂતેલો હોય છે અને સતત પોતાના અહંકારને પોષવા માટે પ્રયત્નશીલ હોય છે. એની પાસે સહેજે નિરાંત હોતી નથી, પગ વાળીને બેસવાની ઇચ્છા એ સતત રાખે છે, પણ શક્ય બનતી નથી.

ચિત્તમાં વિચારે છે કે આટલું પ્રાપ્ત કરીને નિવૃત્તિ લઈ લઈશ, પરંતુ પ્રાપ્તિની એષણાનું ક્યારેય પૂર્ણવિરામ આવતું નથી. સમય જતાં એને ખ્યાલ આવે છે કે તૃષ્ણા તો અનંત છે. ધન, પદ કે સત્તાની ભીખ જીવનભર માગતો રહીશ, તો એનો ક્યારેય અંત નહીં આવે.

સ્વપ્નમાં સહુ સમાન હોય છે. સ્વપ્નમાં તદ્દન નિર્ધન, નિરક્ષર અને જીવનલક્ષ્યવિહોણી વ્યક્તિ લાખો ગરીબોને દાન આપતો હોય, ભૂખ્યાંઓને અન્ન આપતો હોય, મૂંઝાયેલાઓને માર્ગદર્શન આપતો હોય છે, પણ તે બધું સ્વપ્નમાં. સ્વપ્નમાં એ મહાઘાતકી બની શકે અને અતિ પવિત્ર પણ થઈ શકે. પરમ દાનેશ્વરી રાજા કર્ણ કે અતિ કંજૂસ મમ્મણ શેઠ પણ બને છે, પરંતુ આનો અર્થ શો ? સ્વપ્ન પૂરું થતાં જ બધું પૂર્ણ થઈ જાય છે.

આવી સ્વપ્નની લીલામાં ડૂબેલો માનવી જ્યારે જાગૃત બનીને દાન આપે, અન્નદાન કરે કે મૂંઝાયેલાઓને માર્ગદર્શન આપે, ત્યારે જ એ સાર્થક ગણાય. શિષ્યનું નિર્માણ કરતી વખતે ગુરુ પહેલું કામ વ્યક્તિને ઘોર સ્વપ્નનિદ્રામાંથી ઊઠાડવાનું કરે છે. પ્રગાઢ સ્વપ્નનિદ્રામાં પોતાને સૌથી વધુ ધનવાન માનતો ગરીબ માણસ જ્યારે જાગે છે, ત્યારે શું થાય છે ? એ જ્યાં સુધી સ્વપ્નાવસ્થામાં હશે, ત્યાં સુધી તો પોતાની જાતને જગતનો સૌથી



ધનવાન માનતો હશે, પરંતુ એમાંથી ગુરુ જગાડે છે, ત્યારે એનું જગત બદલાઈ જાય છે.

ઊંઘમાંથી એકાએક સફાળા થઈને વ્યક્તિ જાગે, ત્યારે એ એકદમ પલંગમાંથી ઊભી થઈ જાય છે. આંખો ચોળવા લાગે છે, હાથ ઉછાળવા લાગે છે અને એ રીતે એનું સ્વપ્ન તૂટે છે. આમ ગુરુ એનું નિર્માણ કરતી વખતે પહેલું કામ એને મોહની ઘોર નિદ્રામાંથી જગાડવાનું કરે છે અને એ રીતે એને 'જીવનું ભિખારીપણું' દર્શાવે છે. જાગૃત ગુરુ શિષ્યને જાગ્રત કરે છે એને અહંકારનું મિથ્યાજગત છોડીને બહાર લાવે છે. અહંકારમાં ડૂબેલો માણસ જે વૃત્તિ ધરાવતો હોય, એવું જ એને જગત લાગે છે.

અહંકારને કારણે પોતાની લાલચુ વૃત્તિને ઓળખી શકતો નથી. ધનનો અહંકાર ધરાવનારની વાતચીત સાંભળો, તો એમની બધી જ વાતમાં ધનસંપત્તિનું સંકીર્તન જ કેન્દ્રસ્થાને હશે ! આ બંગલા પાછળ કેટલો ખર્ચ કર્યો કે મોંઘીદાટ મોટર કેટલામાં ખરીદી, એ જ વાત કેન્દ્રસ્થાને હશે, કારણ કે ધનલોભની વૃત્તિ એને એ સિવાય અન્ય કશું વિચારવાની મોકળાશ આપતી નથી. એની જિંદગીની એક બારી જ ખુલ્લી હશે, એ સિવાયની જ્ઞાન, દાન, માનવતા જેવી બીજી બધી બારીઓ બંધ હોય છે. એ અર્થમાં જુઓ તો અહંકાર એ વ્યક્તિના જીવનનું પૂર્ણવિરામ છે અને એને કારણે વ્યક્તિ પોતાની જાતને સતત છેતરતી રહે છે.

જર્મનીનો સરમુખત્યાર હિટલર સત્તાના એટલા બધા અહંકારમાં ડૂબી ગયો હતો એ પોતાની જાતને પોતાના નામથી એટલે કે 'હિટલર' તરીકે ઓળખવવાને બદલે 'ફ્યુરર' (સમ્રાટ) તરીકે ઓળખવવાનું પસંદ કરતો હતો. આનો અર્થ જ એ છે કે એ જીવંત વ્યક્તિ કરતાં માત્ર સત્તાનો અહંકાર બની

ગયો હતો. આમ ગુરુ એ નિર્માણનું કામ કરે છે. શિષ્યને જગાડે છે પારાવાર મોહનિદ્રામાંથી, આભાસી સુખોમાંથી, માયાના મૃગજળમાંથી અને મોહની વિલાસિતામાંથી.

ગુરુ પહેલાં તો શિષ્યનાં મીઠાં-મધુરાં સ્વપ્ન પર ઘા કરે છે. આવી રીતે ઘા કરનારો ગુરુ એ સમયે અતિ આકરો પણ લાગે, અણગમતો પણ જણાય, પરંતુ શિષ્યનો મોહભંગ કરવા માટે એ જરૂર પડે કઠોર પણ બને છે અને ક્રૂર પણ થાય છે, કારણ કે શિષ્યને એ વર્ષોથી જ નહીં, પણ કેટલાય ભવોથી જેની આદત પડી ગઈ છે એવા મમત્વ, મિથ્યાત્વ કે કુસંસ્કારોમાંથી બહાર કાઢવા કોશિશ કરે છે. સતત તૃષ્ણાની જાળ રચતા કરોળિયાને એણે સ્વયં રચેલી જાળમાંથી બહાર કાઢે છે, આથી જ ગુરુની એક આંખમાં કઠોરતા હોય છે, જે શિષ્યના જીવનને યોગ્ય દિશામાં ગતિ આપે છે અને એની બીજી આંખમાં કરુણા હોય છે, જે કરુણાથી એ શિષ્યના હૃદયને પ્રેમ આપશે.

એની કઠોરતા કાર્યસાધક બને એ પહેલાં જોશે અને કાર્યસાધક બન્યા પછી એ શિષ્ય પર સતત કરુણા વરસાવતો રહેશે. એની ચંચળતા, ભૌતિકતા, સ્થૂળતા, ક્ષુદ્રતા પર મર્મગામી પ્રહાર કરશે. શિષ્ય ઉદ્દંડ બનશે તો પોતાનો દંડ ઉગામશે. શુભમાર્ગેથી વિચલિત થતો હશે, તો કઠોર ઉપાલંભ આપશે. અવળે રસ્તે ચાલતો હશે તો હાથ પકડીને અને વખત આવ્યે જોશભેર ઘસડીને પણ એને માર્ગ પર લાવશે. એ અતિ કટુવચનો કહેશે તો પણ એની પાછળ એની અગાધ કરુણા હશે. એ ખૂબ ખૂબ અકળાશે તો પણ એના ભીતરમાં આશીર્વાદની ભાવના પડેલી હશે. શિષ્યની મોહનિદ્રા જેટલી ગાઢ, એટલો ગુરુનો પ્રહાર પ્રબળ.

ગુજરાતના મહાન આધ્યાત્મિક સંત પૂ.શ્રી મોટાના સાધનાજીવનમાં એવા અનેક પ્રસંગો મળે છે કે જ્યાં એમણે ગુરુના કઠોર વર્તનને એમની કરુણાસમાન માન્યું હોય. આનું કારણ એ છે કે ગુરુના પ્રત્યેક આદેશ અને વર્તનની પાછળ શિષ્યને સન્માર્ગે લઈ જવાનો ભાવ હોય છે. એ સ્નેહથી કહે, ઉપાલંભ આપે, અપશબ્દો બોલે, દંડ વીંઝે, પણ એ બધી કઠોરતા કરુણાજનિત હોય છે, કારણ કે શિષ્યની વર્ષોની નિદ્રાનો ભંગ કરવા માટે એ અત્યંત જરૂરી છે. આ રીતે ગુરુ પહેલાં બ્રહ્માની માફક શિષ્યના નિર્માણનું કામ કરે છે.

આ નિર્માણકાર્ય દ્વારા ગુરુ શિષ્યને પાત્રતા આપે છે. એને જ્ઞાન, ધ્યાન અને દૃષ્ટિ આપે છે. જીવનમાં અનેક આકર્ષણો આવતાં હોય છે અને એવાં પણ આકર્ષણો હોય છે કે જે જોઈને જીવ એના પર ચોંટી જાય છે. નજર એમાં ડૂબી જાય છે, ચિત્ત એનાથી ઘેરાઈ જાય છે અને હૃદય આખું અંજાઈ જાય છે. આ આકર્ષણનો અનાદર થઈ શકતો નથી. એના તરફ આંખમીંચામણાં પણ શક્ય નથી અને એનું દમન કરવું પણ યોગ્ય નથી.

આવે સમયે ગુરુ શિષ્યને દૃષ્ટિ આપવાનું કામ કરે છે. એને એવો ઘડે છે કે એક સમયે ચોમેર વાસનાની ચકળવકળ આંખે નારીસૌંદર્ય જોનારી કામાતુર આંખો હવે પ્રભુની નયનરમ્ય મૂર્તિ જોઈને નાચવા લાગે છે. નિંદા અને અપરસના શ્રવણ માટે સદા ઉદ્યુક્ત કાન સત્સંગના શ્રવણ માટે આતુર બની જાય છે અને સમય જતાં જીવન આખું સત્સંગમાં રમમાણ બની જાય છે. જગતના સ્વાદ ચાખનારી જીભ એ ચટાકા છોડીને હરિરસની હેલી વરસાવતી બને છે. આવું ત્યારે થાય કે જ્યારે ગુરુની પાત્રતાની પાઠશાળામાં સાધક ઘડાય.

**–પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

# ॥ શ્રી રમણ મહર્ષિનું જીવન ॥

''મહર્ષિના સદ્‌ઉપદેશો એમના જીવનમાં પૂર્ણપણે મૂર્તિમંત થયેલા છે એમનો આધ્યાત્મિક સંદેશ છેક જ સાદો છે એ કોઈ ગૂંચવણભરેલી કઠોર સાધનાપદ્ધતિ નથી શીખવતા પરંતુ જાહેર કરે છે કે, માણસે પોતાના સનાતન સુખશાંતિવાળા આંતરિક સ્વરૂપનો જ સાક્ષાત્કાર કરવાનો છે.''

**–શ્રી એસ.વી. રામ**

સંસ્કૃતના વિદ્વાન કવિ ગણપતિ શાસ્ત્રીએ જેમને 'ભગવાન શ્રી રમણ મહર્ષિ' તરીકે ઓળખાવ્યા એ વેંકટરામનના પાર્થિવ શરીરનો જન્મ ઈ.સ. ૧૮૭૯ની ત્રીસ ડિસેમ્બરના શુભ દિવસે મદુરાથી ત્રીસેક માઈલ દૂર આવેલા તિરુચલ્લી ગામમાં થયો. એમની માતાનું નામ અલાઘમ્માલ અને પિતાનું નામ સુંદરમય્યર હતું. મહર્ષિના મોટાભાઈનું નામ નાગાસ્વામી અને નાનાભાઈનું નામ નાગસુંદરમ્ હતું.

મહર્ષિનું પ્રાથમિક શિક્ષણ તિરુચલ્લીમાં જ થયું પણ એમના પિતાશ્રીનું અકાળ નિધન થતાં તેઓ કાકાને ત્યાં માધ્યમિક શિક્ષણાર્થે મોટાભાઈની સાથે મદુરા આવીને રહ્યા. મહર્ષિ ૧૬ વર્ષની ઉંમર સુધી લગભગ છ ધોરણ ભણ્યા મહર્ષિની માતૃભાષા તામિલ હતી. પછીથી તેમને સંસ્કૃત, તેલુગુ અને મલયાલમ ભાષાનો પણ મહાવરો થયો. મહર્ષિ અંગ્રેજી સમજી શકતા પણ બોલી શકતા નહીં.

મહર્ષિને બહુ ઊંઘવાની એક વિચિત્ર ટેવ હતી. એને માટે તેઓ કહે છે : 'જ્યારે હું જાગૃત હોઉં ત્યારે છોકરાઓ મને સ્પર્શ સુદ્ધાં કરી શકતા નહીં પણ મારા પ્રત્યે એમને કોઈ વાંધો હોય તો



હું જ્યારે ઊંઘમાં હોઉં ત્યારે મને તેઓ ગમે ત્યાં ઊંચકી લઈ જતા અને મને ધીબી નાખતા. કોલસાથી મારો ચહેરો રંગી નાખતા અને પછી મને મારા યથાસ્થાને મૂકી જતા. બીજે દિવસે સવારે તેઓ આ વિશે મને કંઈ ન કહે ત્યાં સુધી મને આ કશાની કાંઈ જ ખબર જ ન પડતી !'

ઈ.સ. ૧૮૯૫માં મહર્ષિને એક સંબંધી મળ્યા જેઓ અરુણાચલ જઈ આવેલા. એમની પાસેથી જ્યારે મહર્ષિએ જાણ્યું કે, તિરુવન્નમલાઈ જ અરુણાચલ છે ત્યારે તેમના આનંદનો પાર ન રહ્યો. એ સ્થળવિશેષ સાથે જાણે પોતાનો જન્મજન્માંતરનો નાતો હોય એમ એમને જાગતાં-ઊંઘતાં અરુણાચલનાં જ સ્વપ્નાં આવવાં લાગ્યાં. શાળાના અભ્યાસમાં એમનો રસ પછી ઓછો ને ઓછો થવા માંડ્યો. હવે તેમને 'પુસ્તકોના શબ્દોને નહીં પણ શબ્દોના સીમાડાની પેલે પારના અક્ષરને પામવો હતો.

એ જ દિવસોમાં મહર્ષિના હાથમાં 'પેરિયપુરાણમ્' ગ્રન્થ આવ્યો જેમાં શંકરના ૬૩ ઉપાસકોની જીવનકથા હતી. એ ઉપાસકોની અનન્ય શિવભક્તિથી તેઓ ખૂબ પ્રભાવિત થયા.

ઈ.સ. ૧૮૯૬ના ઑગસ્ટમાં મહર્ષિને મૃત્યુનો એક વિલક્ષણ અનુભવ થયો. જેનાથી એમને પ્રતીત થયું કે 'હું શરીર નથી, આત્મા છું.' પોતાના એ આધ્યાત્મિક અનુભવ વિશે મહર્ષિ કહે છે : 'એ અનુભવ કંઈ મારા મનનો તર્ક નહોતો બલકે મારો સચોટ, સજાગ, સત્ય અનુભવ હતો. એવી અનુભૂતિ એ પ્રસંગ પછી પણ મને અવારનવાર થયા કરતી. એને પરિણામે મારા મનમાંથી મૃત્યુનો ભય કાયમને માટે દૂર થઈ ગયો. હું તદ્દન નિર્ભય બની ગયો. મને કોઈપણ વ્યક્તિ કે વસ્તુમાં રસ ન રહ્યો. મારું મન શાળાના અભ્યાસમાંથી છેક ઊઠી ગયું. સમય મળતાં હું મારા વિશે જ વિચારતો કે, 'હું

કોણ ?' મારા જીવનનું કેન્દ્ર હવે 'હું' જ બની ગયો' આ અનુભવ પછી મહર્ષિને સર્વ કાંઈ નિઃસાર જણાવા લાગ્યું માત્ર મીનાક્ષીના મંદિરે નિત્ય જઈ અશ્રુભીની આંખે, ગળગળે સ્વરે પ્રભુની ભક્તિ યાચવા માંડ્યા.

મહર્ષિની આવી આત્મિક અવસ્થામાં ઈ.સ. ૧૮૯૬ની ૨૯મી ઓગસ્ટે એમની શાળાના એક શિક્ષકે એમને અંગ્રેજી વ્યાકરણનો એક પાઠ ત્રણ વાર લખવા આપ્યો. મહર્ષિએ ઘરે આવી એ પાઠ બે વાર તો લખ્યો પણ પછી એમને થયું કે, 'હું કોઈ વિવેકરહિત જડ યંત્ર છું કે, કોઈ પણ પ્રકારના રસ, રુચિ કે પ્રયોજન વિના આવું કાર્ય કરતો રહું ?' અને તરત જ લેખન અટકાવી, કાગળો ઓરડામાં ફગાવી દઈ, આંખો બંધ કરી, ત્યાં જ તેઓ ધ્યાનમાં બેસી ગયા ! આ જોતાં જ મોટાભાઈનો પિત્તો ઊછળ્યો, એમણે પ્રકોપ ઠાલવતાં કહ્યું, 'જો તારે આવી જ રીતે વર્તવું હોય તો ઘરમાં તારે શા માટે રહેવું જોઈએ ?' મહર્ષિને મોટાભાઈના આ શબ્દોમાં તથ્ય લાગ્યું. તેમને થયું, 'અભ્યાસમાં મારું ધ્યાન બિલકુલ નથી. ઘર તથા કુટુંબના સ્નેહસંબંધો મને સહેજ પણ આકર્ષી શકતા નથી તો અહીં રહી આવું જીવન જીવવાનો શો અર્થ છે ? ઘર ત્યજી કોઈ સુંદર, શાંત-એકાંત સ્થળે સાધનાપરાયણ જીવન કેમ ન જીવવું ?' આવું વિચારતાં જ મહર્ષિના મનની આંખ આગળ અરુણાચલની મધુમય મૂર્તિ તરવરવા લાગી અને એ એના શરણે જવા વિહ્વળ બન્યા.

મહર્ષિએ સદ્ય અરુણાચલ જવાનો પોતાનો નિર્ણય દર્શાવતી એક ચિઠ્ઠી લખી. 'હું પરમ પિતા પરમેશ્વરના આદેશથી એમને જ પ્રાપ્ત કરવા જઈ રહ્યો છું. સત્કાર્ય માટે પ્રયાણ કરું છું તેથી 'આ'ની અનુપસ્થિતિથી કોઈએ દુઃખી ન થવું તથા 'આ'ની (અર્થાત્ જે શરીરનું નામ વેંકટરામન છે તેની) શોધમાં નાણાં



વેડફવાં નહીં.'

એ ચિઠ્ઠીની લાક્ષણિકતા એ હતી કે, મહર્ષિએ એની નીચે પોતાની સહી નહોતી કરી. એ માટે મહર્ષિ કહે છે કે, 'એ મેં ઈરાદાપૂર્વક કે જાણી જોઈને નહોતું કર્યું પણ સહી કરવા માટે અહમ્ ઊઠ્યો જ નહીં. અહંકાર છૂટી ગયો હતો.'

અરુણાચલ પહોંચવા મહર્ષિને ત્રણ રૂપિયા પર્યાપ્ત જણાતાં ભાઈએ એમની ફી ભરવા આપેલા પાંચ રૂપિયામાંથી વધારાના બે રૂપિયા એમણે પાછા પેટીમાં મૂકી દીધેલા ! ૧૮૯૬ની ૨૯ મી ઑગસ્ટે મહર્ષિ ઘર ત્યજી અરુણાચલ જતી ટ્રેનમાં બેઠા પણ ટ્રેનમાં ખ્યાલ આવ્યો કે પોતાની પાસે સફરના પૂરતા પૈસા નથી તેથી તેઓ રસ્તામાં મમ્બાલાપટ્ટુ સ્ટેશને ઊતરી ગયા. ત્યાંથી દસ માઈલ પગે ચાલી 'તીરુક્કોઈલુર' આવ્યા ત્યાં અચાનક એમને પોતાના કાનની સોનાની વાળી યાદ આવતાં તે કાઢી, વેચી નાખી અને બદલામાં પૈસા મેળવી ફરી ટ્રેનમાં બેસી પહેલી સપ્ટેમ્બરે તેઓ તિરુવન્નમલાઈ આવ્યા. સીધા અરુણાચલ મંદિરે આવી, અરુણાચલેશના ચરણમાં પ્રણિપાત કરી, આર્દ્રસ્વરે કહેવા લાગ્યા.

'પ્રભુ ! હું તમારા શરણે આવ્યો છું. તમે જ મારા સંરક્ષક, પ્રેરક અને પ્રકાશદાતા છો. તમારા પ્રત્યે કોણ જાણે કેમ પણ મારા પ્રાણમાં પુષ્કળ પ્રેમ પ્રવાહિત થઈ ચૂક્યો છે. એ પ્રબળ અને પવિત્ર પ્રેમ કોઈ કાળે, કે કોઈ કારણે મંદ પડે કે મટે તેવો નથી. તમારા સર્વભાવે સ્વીકારેલા શરણથી મને શાંતિ મળી છે. મારું ચિત્ત ચિંતારહિત અને પ્રફુલ્લિત થયું છે.'

બસ ! આટલું કહી મહર્ષિએ અરુણાચલમાં ગુરુભાવ સ્થાપી, વિદ્વત્-સંન્યાસ લઈ લીધો. મંદિરની બહાર આવી કૌપીન

સિવાયનાં તમામ વસ્ત્રો કુંડમાં નાખી દીધાં. મસ્તક પરના લાંબા કાળા કેશ કઢાવી નાખ્યા. વધેલા પૈસા ફગાવી દીધા અને પુનઃ મંદિરમાં પ્રવેશી જપ કરવા લાગ્યા.

થોડા સમય બાદ મહર્ષિ અરુણાચલની ઉત્તરપૂર્વ દિશામાં આવેલી પવલકુન્નુ ટેકરી ઉપર આવી આત્મસાધનામાં એવા રત થઈ ગયા કે, હવે તેમને બાહ્યજગત અને શરીરનું વિસ્મરણ સહજ થઈ ગયું. આ ટેકરી પર એમને રહ્યે લગભગ છ મહિના થવા આવ્યા, ત્યાં એક દિવસ એમનાં માતુશ્રી અને મોટાભાઈ આવ્યાં પણ એમના પરત્વે મહર્ષિએ એવી તટસ્થ અને સ્નેહરહિત અવસ્થા અનુભવી કે, મહર્ષિની માતા એ સહી ન શક્યાં અને તેઓ હૈયાફાટ આક્રંદ કરવા લાગ્યાં અને તો ય મહર્ષિ મૌનવ્રત ધારી રહ્યા.' છેવટે પલનિ સ્વામીના અનુરોધથી મહર્ષિએ એક કાગળ પર લખ્યું, 'કર્તા પ્રત્યેક જીવને એના પૂર્વકર્માનુસાર અથવા પ્રારબ્ધ પ્રમાણએ ચલાવે છે. જે જે નથી થવાનું તે હજારો પ્રયત્ન કરવા છતાં પણ નહીં થાય, જે થવાનું છે તેને અટકાવવાના ગમે એટલા પ્રયત્ન કરવામાં આવશે તો પણ તે થશે જ. એટલા માટે સૌથી શ્રેષ્ઠ ઉપાય શાંત જ રહેવાનો છે.'

પછી તો મહર્ષિ અરુણાચલ પર્વત ઉપર જ રહેવા લાગ્યા. એ આરોહણ પર્વતનું જ નહોતું, એમના જીવનનું પણ એ ઊર્ધ્વ આધ્યાત્મિક આરોહણ હતું. મહર્ષિને પહેલેથી જ બહારનું બીજું કશું જોવા-સાંભળવાની ઇચ્છા ન હતી. ગુરુ થવાની, પદ, પ્રતિષ્ઠા કે સંપત્તિ મેળવવાની કે બીજાને સહાય કરવાની લેશ માત્ર આકાંક્ષા ન હતી, ઇચ્છામાત્રનો તેમનામાં અભાવ હતો. એ કેવળ પોતાના ભીતરી આત્મસ્વરૂપને વધારે ને વધારે જોવા-જાણવા માગતા હતા. મહર્ષિ અરુણાચલ પર્વત ઉપર એકધારી,



અખંડ, અવિરત સાધના અને તપશ્ચર્યામાં લીન હતા પણ અરુણાચલ ચઢવા અસમર્થ એવા લોકોની અનુકૂળતા માટે તેઓ અરુણાચલ ત્યજી તળેટીમાં પાલિતીર્થમાં રહેવા આવ્યા જ્યાં પાછળથી એક આશ્રમ ઊભો કરવામાં આવ્યો, જેનું નામ 'રમણાશ્રમ' પડ્યું.

'રમણાશ્રમ'માં રહેતા મહર્ષિની સાધનાસૌરભ એ આશ્રમની આસપાસ સારા દેશમાં અને વિશ્વના વિવિધ દેશોમાં પ્રસરવા લાગી.

'શરીર જ એક રોગ છે, રોગને રોગ થાય એની શું ચિંતા ?' એમ માનનારા શ્રી રમણ મહર્ષિને કેન્સર થયું પણ એમનું મન એની અસહ્ય પીડાને વહતું શાન્ત સ્વસ્થ રહ્યું : એમનો અંતકાળ નજીક જોઈ વ્યથિત થતા લોકોને એમણે કહ્યું, 'બધા એમ માને છે કે, હું મૃત્યુની સમીપ જઈ રહ્યો છું પણ હું વિદાય લેતો જ નથી હું ક્યાં જાઉં ? હું અહીં જ છું.'

ઈ.સ. ૧૯૫૦ની ૧૪મી એપ્રિલે રાત્રે ૮-૪૭ વાગે કેન્સરની લાંબી માંદગી બાદ મહર્ષિ બ્રહ્મલીન થયા. આ સમયે ભારતના ઘણા વિસ્તારોમાં લોકોએ દક્ષિણમાંથી ઉત્તર તરફ જતા એક તેજસ્વી તારાને આકાશમાં વિલીન થતો જોયેલો !

★

['શ્રી રમણ મહર્ષિ આમ તો આપણી વચ્ચે જ હરતા-ફરતા લાગે પણ ખરેખર તેઓ એક અનોખા વિશ્વમાં છે, જેમાં આપણે જે પદાર્થો અનુભવીએ છીએ એનું અસ્તિત્વ જ નથી !' અને એટલે જ એમના જીવનપ્રસંગો, એમનાં વ્યવહાર, વાણી-મૌન સઘળું સદા આપણા દુન્યવી ભાવથી કેવાં મુક્ત, વિશિષ્ટ અને ન્યારાં હતાં એની પ્રતીતિ કરાવતા કેટલાક પ્રશ્નો-ઉત્તરો

જોઈએ.]

**પ્રશ્ન :** આપને ખરજવાની પીડા નથી થતી ?

**ઉત્તર :** કોઈ સ્વપ્નમાં પસાર થતા આછેરા દર્દ જેવી એ પીડા છે.

**પ્રશ્ન :** તમે તમારી મા પ્રત્યે કઠોર કેમ છો ?

**ઉત્તર :** હું તેને કંઈ ને કંઈ કઠોર વચન કહ્યા કરતો ને એ રડતી અને હું કહેતો 'રડ. તું જેટલી વધુ રડીશ તેટલો હું વધારે ખુશ થઈશ.'

(શ્રી રમણ મહર્ષિ એના પુત્ર હતા એવી સાહજિક લાગણીથી એને મુક્ત કરવા ચાહતા હતા. પોતાનામાં એ તેના 'દીકરા'ને નહીં 'જ્ઞાની'ને જુએ એમ તેઓ ઇચ્છતા હતા.)

**પ્રશ્ન :** તિરુવન્નમલાઈની શેરીઓમાં ભિક્ષા માગવા જતાં તમને સંકોચ ન હતો થયો ?

**ઉત્તર :** પહેલીવાર ભિક્ષા માગી ત્યારે ક્ષોભ થયેલો-અમુક પ્રકારના ઉછેરની ટેવને કારણે ! પણ પછી સંકોચ જતો રહેલો. એટલું જ નહીં, પછી તો મને હું કોઈ સમ્રાટ-શો અરે ! સમ્રાટથી ય ચઢિયાતો લાગતો. ભિક્ષા માગતી વખતે હું જે ભવ્યતા અને ગરિમા અનુભવતો એની તમને કલ્પના નહીં આવે.

એક રાજા રાજપાટ ત્યજી ભિક્ષા માગવા ગયો. પહેલાં પોતાના રાજ્યની બહાર, પછી પોતાના રાજ્યમાં, પછી એની રાજધાનીમાં અને છેવટે પોતાના જ મહેલમાં અને એવી રીતે ભિક્ષા માગતાં-માગતાં છેવટે તે પોતાની અહમ્‌વૃત્તિમાંથી મુક્ત થઈ ગયો !

**પ્રશ્ન :** આપ ભારતવર્ષની યાત્રાએ કેમ નથી નીકળતા ?

**ઉત્તર :** ક્યાંય જવાનો શો અર્થ ? હું કંઈ જોઈ શકવાનો



નથી (ભગવાન દરેક પદાર્થમાં કેવળ આત્મા જ જોતા)

લોકો અહીં આવી મને એમનાં દર્શન આપી જાય છે પછી મારે એમને મારાં દર્શન આપવા જવાની શી જરૂર ?

**પ્રશ્ન :** આપ આ ફળો કેમ સ્વીકારતા નથી ?

**ઉત્તર :** હું મારા મુખથી ખાઉં ત્યારે જ ખાઉં છું એમ તમે શા માટે વિચારો છો ? હું હજારો મુખોથી ખાઉં છું.

**પ્રશ્ન :** આપ આપની સાધના વિશે જણાવશો ?

**ઉત્તર :** મેં કોઈ પણ પ્રકારની સાધના કરી નથી જો તે કોઈ પદાર્થ હોત કે તે મારાથી અતિરિક્ત હોત તો મારે એનો વિચાર કરવો પડત. મારે કોઈ લક્ષ્ય પ્રાપ્ત કરવાનું હોત તો એ પ્રાપ્ત કરવા મારે સાધના કરવી પડત. (પણ) મારે કંઈ મેળવવાનું હતું જ નહીં !

અત્યારે હું દૃષ્ટિ ખુલ્લી રાખી બેઠો છું ત્યારે હું આંખો બંધ રાખી બેસતો હતો, બસ એટલો જ ફેર છે ! હું સાધનામાં ત્યારે ય ન હતો, અત્યારે પણ નથી.

હું આંખો બંધ કરીને બેઠો અને લોકોએ કહ્યું. 'હું સમાધિમાં હતો !' હું બોલતો ન હતો એટલે લોકોએ કહ્યું, 'હું મૌનમાં હતો !' હકીકત એ છે કે, હું કંઈ કરતો ન હતો. કોઈ ઉદાત્ત પ્રબળ શક્તિએ મને એના વશમાં લીધો હતો અને હું સંપૂર્ણપણે એને આધીન હતો.

**પ્રશ્ન :** આપના શરીર પર વીંછી ચડ્યો તો ય આપને ડર કેમ ન હતો લાગ્યો ?

**ઉત્તર :** વીંછી તો જેમ દીવાલ કે ફર્શ પર ચઢે તેમ આપણા શરીર પર ચઢે. તમે એનાથી ડરી કંઈક કરો તો એને તમારી બીક લાગે અને એના પ્રત્યાઘાતરૂપે એ કંઈક કરે !

**પ્રશ્ન :** સ્કન્દાશ્રમમાં એક સાપ આપના શરીર પર ફરી વળ્યો હતો એ વાત સાચી છે ?

**ઉત્તર :** સર્પો તેમની ફણા ઊંચી કરી આપણી આંખોમાં જુએ છે અને તેમને ભય જેવું ન જણાય ત્યારે આપણા પરથી પસાર થઈ જાય છે. મને એ બાબતમાં કંઈ કરવાનું સૂઝયું સુદ્ધાં ન હતું.

**પ્રશ્ન :** આપની બાહ્ય પદાર્થો વિશેની અનાસક્તિ આપના કુટુંબીજનો અને આજુબાજુના લોકો સમજી શકેલા ?

**ઉત્તર :** હા. કારણ કે એમનો છૂટકો ન હતો. હું જો કે, બાહ્ય પ્રવૃત્તિઓમાં રત દેખાવાનો ભગીરથ પ્રયત્ન કરતો પણ એમાં મને સફળતા મળતી નહીં.

હું બીજાની જેમ વાંચવા બેસી જતો. ચોપડી ખોલી વાંચવાનો દેખાવ કરતો અને થોડે-થોડે સમયે પાનાં ફેરવતો. એ જ પ્રમાણે થોડીવાર પછી બીજી ચોપડી હાથમાં લેતો. પણ બધા જાણી ગયેલાં કે, મારું વલણ બદલાઈ ગયું છે. તેઓ મારી આવી શૂન્યમનસ્કતાની મશ્કરી કરતા પણ હું એમના કટાક્ષોથી પર રહેતો. તેથી મને માઠું ન લાગતું પણ એથી તો એમનાં મજાક-મશ્કરી વધતાં. હું ધારત તો એક ઝાટકે એમને ચૂપ કરી શકત પણ મને એની બિલકુલ પડી જ ન હતી !

'મૃત્યુ'ના અનુભવ પછી હું કોઈ જુદા જ વિશ્વમાં હતો પછી મારું ધ્યાન ચોપડીઓમાં કે બીજા કશામાં કેમ રહે ? શાળામાં પણ મારું મન અભ્યાસમાં બિલકુલ લાગતું નહીં હું અહર્નિશ એવી આશામાં રાચતો કે, ઈશ્વર અચાનક એક દિવસ આકાશમાંથી મારી સામે આવી ઊભા રહેશે.

**પ્રશ્ન :** 'પેરિયપુરાણમ્'નો અભ્યાસ આપે ઈરાદાપૂર્વક કરેલો ?



**ઉત્તર :** ના, ના એ કેવળ એક અકસ્માત હતો. મારા એક સંબંધીને એક સ્વામીએ એ ચોપડી આપી હતી એથી એ અમારા ઘરમાં જ હતી. એક દિવસ એ મારા હાથે ચઢી, પહેલાં તો મેં કેવળ જિજ્ઞાસાથી એ જોઈ પણ પછી મને એમાં રસ પડ્યો અને મેં આખી ચોપડી વાંચી કાઢી, એનો પ્રભાવ મારા પર જબરદસ્ત પડ્યો. જે મંદિરની ૬૩ મૂર્તિઓ મૂર્તિઓ જ હતી, તેમાં હવે મને કોઈ નવું રહસ્ય પ્રતીત થયું ! હવે હું એ મૂર્તિઓ સામે અને નટરાજ સમક્ષ જઈ આંસુ સારતો કરગરવા લાગ્યો કે, જેમ ઈશ્વરે એ સંતો પર કૃપા કરી છે એમ મારા પર પણ કરો ! પણ આ બધું 'મૃત્યુ'ના અનુભવ પછી બન્યું.

**પ્રશ્ન :** આપ એ મૂર્તિઓ સમક્ષ ક્યા ભાવથી કરગરતા ?

**ઉત્તર :** ભાવ કેવો ? હું તો કેવળ કૃપા ચાહતો. જેવી એ સંતોની ભક્તિ હતી. એવી ભક્તિ ચાહતો. મુક્તિ વિશે હું કશું જાણતો ન હતો.

**પ્રશ્ન :** મદુરાનો આત્મા સાથેનો આપનો પ્રથમ અનુભવ વર્ણવવાની કૃપા કરશો ?

**ઉત્તર :** જ્યારે મેં જમીન પર લંબાવ્યું હતું અને માનસિક રીતે નિશ્ચેષ્ટતા કે મૃત્યુ અનુભવતો હતો. ત્યારે પ્રતીતિ થઈ કે 'દેહાતીત થઈ જવાય અને દેહને બાળી નાખવામાં આવે તો ય હું તો જીવીશ !' કોઈક શક્તિ, તેને તમે 'આત્મિક શક્તિ' કે ગમે તે કહો, મારામાં પ્રગટી અને એણે મારો કબજો લીધો અને હું જુદો જ માનવી બની ગયો ! ત્યાર પછી હું પ્રત્યેક પદાર્થ પરત્વે નિરપેક્ષ બન્યો. મારા ગમા-અણગમા રહ્યા જ નહીં !

**—તરલા દેસાઈ**

## ॥ શ્રી મા આનંદમયી પ્રસંગપરાગ ॥

**(સાધનાનો તબક્કો)**

પારકી સ્ત્રીઓનાં હૃદયમાં નિર્મળા પ્રત્યે કેવી ઊંડી સંવેદના હશે કે, તેને ઠપકો ન મળે તે માટે તેમણે તેના પતિને આવી યુક્તિ બતાવી ! બીજી બાજુ નિર્મળાનું પણ અન્ય સ્ત્રીઓ પ્રત્યે કેવું વર્તન હશે કે એમને એના પ્રત્યે પુત્રી જેવો પ્રેમ જાગ્યો હશે !

ગૃહસ્થાશ્રમના આરંભિક તબક્કામાં અનેકવિધ વિટંબણાઓ વચ્ચે પણ પારકાને પોતાનાં કરવાની સાધના તો નિર્મળા કરી રહી હતી.

રેવતીબાબુ સ્ટેશન માસ્તર હતા. તેમના હાથ નીચે જે આસિસ્ટન્ટ સ્ટેશનમાસ્તર હતા તેમનું કુટુંબ ત્યાં આવ્યું ન હતું. તેથી તેમની જમવાની વ્યવસ્થા રેવતીબાબુએ પોતાને ઘેર કરી હતી. રોજ બપોરે ને રાત્રે ઘેર આવી તેઓ જમી જતા. પરંતુ ટ્રેનના ટાઈમ સાચવવા પડતા હોઈ આવવામાં મોડું થઈ જતું.

બંને ટાઈમ રસોઈ કરી સહુને જમાડવાની જવાબદારી નિર્મળા પર હતી. ગમે તેટલું મોડું થઈ જાય તોયે બંને વખત તેમને ગરમ રસોઈ જમવા મળતી. નિર્મળા ફરીથી રસોઈ ગરમ કરી આપતી.

જમીને તેમના ગયા પછી નિર્મળા મોડી રાત્રે બારણું બંધ કરી સૂવા જતી. પાછું વહેલી સવારે ઊઠવાનું તો ખરું. આવું તો લાગલગાટ બે ત્રણ મહિના સુધી ચાલ્યું હતું.

નિર્મળા એક શબ્દ પણ ઉચ્ચાર્યા વિના ઘૂંઘટમાં જમાડતી. ઘણા સમય પછી એ આસિ. સ્ટેશનમાસ્તરને આ વિશે કોઈએ પૂછ્યું ત્યારે તેમણે કહેલું : 'મેં એમનો ચહેરો નથી જોયો કે નથી અવાજ સાંભળ્યો. પણ એમના હાથનો પ્રેમપૂર્ણ પ્રસાદ રોજ જમ્યો છું. ત્યારે એવું લાગતું કે જાણે સાક્ષાત્ મા અન્નપૂર્ણા જ જમાડી રહ્યાં છે !'



સેવા, સમર્પણ ને ત્યાગભર્યા બાહ્ય જીવનને ભેદીને ધીમે ધીમે નિર્મળાનું આંતરજીવન પ્રગટવા લાગ્યું. તેને લીધે અત્યાર સુધી તે જે રીતે રસોઈ બનાવતી, બધાંને પ્રેમપૂર્વક જમાડતી, સહુની સેવા-શુશ્રૂષા કરતી તેમાં હવે વિક્ષેપ પડવા લાગ્યો. તેના બાળપણમાં જે ભાવ, ભાવાવેશ ક્યારેક-ક્યારેક પ્રગટ થતો હતો તે શ્વશુરગૃહની વ્યસ્ત દિનચર્યાની વચ્ચે પણ હવે વ્યક્ત થવા લાગ્યો.

પરિણામે નિર્મળાના પ્રમાણમાં એકધારા શાંતિમય બાહ્ય જીવનમાં ખળભળાટ મચી ગયો. આજુબાજુ અનેક કામો બાકી હોય ને એકાએક તે અંતરમાં સ્થિર થવા લાગી. તેનું બાહ્યભાન લુપ્ત થઈ જતું. કામ તો એમ ને એમ પડી રહેતું.

ચૂલા પર દૂધ ગરમ કરવા મૂક્યું હોય ને તે ભાવમાં તન્મય થઈ જાય, પરિણામે તેની આંખો સામે જ દૂધ ઊભરાતું રહે ! ક્યારેક શાકની તપેલી ચૂલા પર ચડાવી હોય ને એકાએક બાહ્ય ભાન જતું રહેતાં શાક બળીને ખાખ થઈ જાય !

આવું અવારનવાર, વારંવાર બનવા માંડ્યું, તેથી તેની જેઠાણી તેના પર ચિઢાવા લાગ્યાં. એક દિવસ શાક દાઝવાની વાસ આવતાં પ્રમોદાસુંદરી રસોડામાં ગયાં. જોયું તો શાકની તપેલીમાંથી ધુમાડા નીકળતા હતા ને નિર્મળા ચૂલાની પાસે જ આંખો બંધ કરીને બેઠી હતી !

આ જોઈ જેઠાણીએ મોટેથી બૂમ પાડી કહ્યું, 'બેઠી બેઠી તું કેટલું ઘોરે છે ! આ શાક તો બળીને કોયલો થઈ ગયું ! તોય તારી આંખ ઊઘડતી નથી !'

આ શબ્દો ઉચ્ચારાયા પછી પણ નિર્મળા જાગી નહીં. તેથી તેમણે તેને ધક્કો મારી, ઢંઢોળીને જગાડી.

જેઠાણીના જગાડવાથી, ઢંઢોળવાથી નિર્મળા માંડમાંડ આ દુનિયામાં પાછી ફરી, જ્યાં હતા સંસારના તાપ ને સંતાપ ! પણ હવે તેને ચિત્તમાં કોઈ બાહ્ય બનાવોની ઊંડી છાપ પડતી ન હતી.

ભાનમાં આવ્યા પછી તે બધું ચૂપચાપ સાંભળી લેતી ને પાછી કામે વળગી જતી.

લાખ પ્રયત્નો કરવા છતાં નિર્મળાના ભાવાવેશો અટક્યા નહીં, ઊલટા વધતા ગયા. તેને લીધે તેનું કર્મજીવન શિથિલ થવા લાગ્યું.

એક દિવસ નિર્મળાને દૂધથી હાથ ધોતી જોઈ પ્રમોદાસુંદરી ગુસ્સે થઈ બોલી ઊઠ્યાં, 'રે ભાન વગરની, આ શું કરે છે તું ?'

નિર્મળા એ વખતે એવી ભાવસ્થિતિમાં હતી કે તેને દૂધ અને પાણી વચ્ચે કશો ભેદ રહ્યો ન હતો. જેઠાણીની બૂમો પણ તેના કાને પડી શકી નહીં. દેરાણી કોઈ વળગાડની ઝપટમાં આવી ગઈ છે એવું એમને હવે દૃઢપણે લાગ્યું. પતિને તેમણે કહ્યું પણ ખરું, 'અનુભવી ભૂવાને બોલવો, નહીંતર બિચારી આમ ને આમ હેરાન થઈ જશે ને ભેગાં આપણે પણ પાર વગરનાં પરેશાન થઈ જઈશું.'

પરંતુ રેવતીબાબુએ પત્નીની આ વાત કાને ધરી નહીં. જો કે નિર્મળાની સ્થિતિ સુધરી નહીં. તેની ભાવમય દશાને ન સમજનારા અલ્પમતિ લોકો તેની દયા ખાવા લાગ્યા, હાંસી કરવા લાગ્યા.

આ બધાથી અલિપ્ત રહી નિર્મળા તો સર્વ પ્રત્યે સમભાવ રાખી પોતાનો વ્યવહાર કરતી. અનેકવિધ વિટંબણાઓ વચ્ચે તેનો લગ્નજીવનનો આંરભિક સેવાનો તબક્કો પૂરો થયો અને સાધનાનો તબક્કો શરૂ થયો. એ પૂર્વે તેના પર પિતૃવત્ પ્રેમ રાખનાર તેના જેઠ રેવતીમોહન બે ત્રણ વરસની બીમારી ભોગવી નાની વયમાં જ અવસાન પામ્યા. રેવતીમોહનને ઢાકામાં સ્થાયી નોકરી મળી ગઈ. મોટાભાઈના મરણથી કુટુંબની જવાબદારી રેવતીમોહન પર આવી પડી.

**–ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ**



# ॥ સ્વામી શ્રી સહજાનંદજી ॥

જેમ અમારે ભગવાનને વિશે નિષ્ઠા રહે છે તેમ અમે કહીએ છીએ. જે અમારે તો ગમે તેવું સુખ-દુઃખ આવે, સંપતવિપત આવે, તેમાં એમ રહે છે જે એક તો ભગવાનની અતિશે મોટપ જાણીએ છીએ તેણે કરીને આ સંસારમાં મોટા મોટા રાજાની સમૃદ્ધિ ને રાજ્યલક્ષ્મી તેને જોઈને લેશમાત્ર પણ અંતરમાં તેનો ભાર આવતો નથી, અને એમ સમજીએ છીએ જે આપણે તો ભગવાન થકી કાંઈ અધિક નથી ને આપણો જીવ છે તે ભગવાનના ચરણારવિંદમાં ચોંટાડ્યો છે અને ભગવાન સંગાથે એવી દૃઢ પ્રીતિ કરી છે જે તે પ્રીતિને કાળ-કર્મ-માયા એમાંથી કોઈએ ટાળવાને અર્થે સમર્થ નથી, અને પોતાનો જીવ એ પ્રીતિ ટાળવાને કરે તો ય પણ ભગવાનમાંથી એ પ્રીતિ ન ટળે એવી રીતનો દૃઢાવ છે. તે ગમે તેવું સુખ-દુઃખ આવે છે તો ય નથી ટળતો.

સ્વાભાવિક જીવમાં એવી રુચિ રહે છે જે શહેર હોય કે મેડી હોય કે રાજદરબાર હોય ત્યાં તો ગમે જ નહીં અને વન હોય, પર્વત હોય, નદી હોય, ઝાડ હોય, એકાંત ઠેકાણું હોય ત્યાં અતિશે ગમે છે ને એમ જાણીએ છીએ જે એકાંતમાં બેસીને ભગવાનનું ધ્યાન કરીએ તો સારું. વસ્તીમાં આવશું જ નહીં એવો મનનો ઠરાવ હતો. (પણ) ભગવાન ને ભગવાનના ભક્ત સંગાથે અતિ પ્રીતિ છે અને અમે કેટલીક વાર સત્સંગમાંથી જાવાના અર્થે ઉદાસ થયા છીએ. ભગવાનના ભક્તનો સમૂહ જોઈને ટક્યા છીએ, તે કોઈ રીતે મૂકીને જવાતું નથી.

અને જેને હું ભગવાનનો ભક્ત ન જાણું તે ઠેકાણે મુને

રાખ્યાના કોટિ ઉપાય કરે તો ય ન જ રહેવાય. અને ગમે તેવી અમારી શુશ્રૂષા કરે તોય અભક્ત સંગાથે અમારે બને જ નહીં. એવી રીતે ભગવાનના ભક્ત સંગાથે અમે અમારા જીવને અતિશે પ્રીતિએ કરીને જોડી રાખ્યો છે અને તે ભગવાન વિના બીજું કોઈ પદાર્થ વહાલું રાખ્યું નથી. માટે શા સારુ ભગવાનમાં પ્રીતિ નહીં રહે? અને ભગવાનનાં કથાકીર્તનાદિક કરતા હોઈએ ત્યારે તો એવી મસ્તાઈ આવે છે, જે જાણીએ દીવાના થઈ જવાશે. જેટલો વિવેક રહે છે, તે તો ભક્તજનના સમાસને અર્થે રહે છે પણ મનમાં તો એવી ને એવી જ ખુમારી રહે છે અને ઉપરથી તો લોકને ભળતો વ્યવહાર રાખીએ છીએ.

અને તે ભગવાન છે તે આ દેહના પ્રવર્તાવનારા છે તે ગમે તો દેહને હાથીએ બેસાડો ને ગમે તો બંદીખાનામાં નખાવો અને ગમે તો આ દેહમાં કોઈક મોટો રોગ પ્રેરો પણ કોઈ દિવસ એવી પ્રાર્થના કરવી નથી જે હે મહારાજ ! આ મારું દુઃખ છે તેને ટાળો, શા માટે જે આપણે તો પોતાના દેહને ભગવાનના ગમતામાં વર્તાવવો છે, તે જેમ એ ભગવાનને ગમતું હોય તેમ જ આપણને ગમે છે. ભગવાનના ગમતા થકી પોતાનું ગમતું લેશમાત્ર પણ નોખું રાખવું નથી.

આપણે જ્યારે તન, મન, ધન ભગવાનને અર્પણ કર્યું ત્યારે હવે ભગવાનની ઈચ્છા તે જ આપણું પ્રારબ્ધ છે, તે વિના બીજું કોઈ પ્રારબ્ધ નથી માટે ભગવાનની ઈચ્છાએ કરીને ગમે તેવું સુખ-દુઃખ આવે તેમાં કોઈ રીતે અકળાઈ જાવું નહીં ને જેમ ભગવાન રાજી તેમ જ આપણે રાજી રહેવું.

**–'કેવળ પ્રભુપ્રેમ'**



# ॥ શ્રી અરવિંદ અને માતાજી ॥

સમગ્ર વિશ્વમાં 'ડિવાઈન મધર' તરીકે પ્રસિદ્ધ, શ્રી અરવિંદ આશ્રમનાં માતાજીનું મૂળ નામ 'મીરા અલ્ફસા' હતું, તેઓ ફ્રાન્સનાં વતની હતાં.

શ્રી માતાજીને બાર-તેર વર્ષની વયે ઊંઘમાં 'એક પુરુષ'નાં દર્શન થયા કરતાં હતાં. ભગવદ્‌ગીતાનો ફ્રેન્ચ અનુવાદ એકવીસમે વર્ષે હાથમાં આવતાં, એ પુરુષને તેઓ 'કૃષ્ણ' નામથી ઓળખવા લાગ્યાં. ઈ.સ. ૧૯૧૪માં શ્રી માતાજી હિંદ આવ્યાં અને પોંડિચેરીમાં શ્રી અરવિંદને મળ્યાં. તેમને જોતાં જ શ્રી માતાજીના આશ્ચર્ય અને આનંદનો પાર ન રહ્યો. પોતે જેમને ધ્યાનમાં જોતાં ને કૃષ્ણ સમજતાં તે આ જ છે તેની તેમને પ્રતીતિ થઈ.

શ્રી અરવિંદના પ્રથમ દર્શનના બીજા દિવસે માર્ચની ૩૦મી તારીખે શ્રી માતાજીએ પોતાની ડાયરીમાં લખ્યું : 'ગઈકાલે અમને જેનું દર્શન થયું તે પૃથ્વી ઉપર છે, એમની ઉપસ્થિતિ જ એક વસ્તુને સિદ્ધ કરવાને પૂરતી છે કે, એક દિવસ એવો આવવાનો છે કે જ્યારે ગહનમાં ગહન અંધકાર પ્રકાશમાં પલટાઈ જશે, ને પૃથ્વી ઉપર તારું (પ્રભુનું) શાસન અવશ્ય સ્થપાશે.'

આ પ્રથમ મુલાકાતમાં જ શ્રી માતાજીને શ્રી અરવિંદમાં પૂર્ણ અવતારનાં દર્શન થયાં અને શ્રી અરવિંદને શ્રી માતાજી આદ્યશક્તિરૂપે ભાસ્યાં. એ મહાશક્તિ જ એમનો યોગ વ્યવસ્થિત રચી આપી જગતના ઈતિહાસમાં નૂતન પ્રકરણ શરૂ કરનાર છે એ વાત એમને સમજાઈ ગઈ.

શ્રી અરવિંદે એમના નાનાભાઈ શ્રી બારીન્દ્રકુમારને કહ્યું

હતું : 'આ પહેલો પ્રસંગ હતો જ્યારે મેં એ જાણ્યું કે છેક અંતિમ શરીરકોષ સુધી સમર્પણ મનુષ્યદેહે શક્ય છે. શ્રી માતાજી અહીં આવ્યાં અને મને પ્રણામ કર્યા ત્યારે મેં એ પૂર્ણ, અશેષ સમર્પણને કાર્યરૂપમાં પ્રગટ થતું જોયું.'

શ્રી નલિનકાન્ત ગુપ્ત લખે છે : 'શ્રી માતાજી જ્યારે શ્રી અરવિંદ પાસે આવ્યાં ત્યારે તેમણે પોતાના વ્યક્તિત્વને, પોતાની સિદ્ધિઓને, પ્રાપ્તિઓને સાવ ભૂંસી નાંખી, પોતાની ચેતનાને એક 'સાફ પાટી જેવી બનાવી દીધેલી. પોતાની જાતને કશા પણ ભૂતકાળ વિનાના નવા જન્મેલા બાળકની માફક શ્રી અરવિંદના ચરણોમાં મૂકી દીધેલી.'

૨૪ એપ્રિલ ૧૯૨૦માં ૪૨ વર્ષની વયે શ્રી માતાજીનું પોંડિચેરીમાં પુનરાગમન થયું, અને તેમની મહાસમાધિ સુધી તેઓ ત્યાં જ રહ્યાં. શ્રી માતાજી બીજી વાર જ્યારે શ્રી અરવિંદના સાંનિધ્યમાં સદા માટે રહેવા આવ્યાં ત્યારે શ્રી અરવિંદે તેમને 'મધર' તરીકે (ઓળખાવ્યાં) બિરદાવ્યાં.

શ્રી અરવિંદે સ્પષ્ટ કહ્યું હતું : 'શ્રી માતાજીના અને મારા માર્ગ વચ્ચે કોઈ ફેર નથી. અમારા બંનેનો માર્ગ એક જ છે. એ માર્ગ અતિમનસપરિવર્તન પ્રત્યે તથા પ્રભુના દિવ્ય સાક્ષાત્કાર પ્રત્યે લઈ જનારો માર્ગ છે.' તેમણે એમ પણ કહ્યું : 'શ્રી માતાજીની ચેતના અને મારી ચેતના એ બંને એક જ દિવ્ય ચેતનાનાં બે રૂપ છે. કારણ જગતની લીલા માટે એમની જરૂર છે, પણ શ્રી માતાજીના જ્ઞાન વિના, તેમની ચેતના વિના કાંઈ પણ કરી શકાય તેમ નથી.'

ઈ.સ. ૧૯૨૬ની ૨૪મી નવેમ્બરે એક મહાન ઘટના ઘટી. શ્રી અરવિંદ કહે છે તેમ : ''એ કૃષ્ણનું શારીરિક રૂપમાં અવતરણ હતું અર્થાત્ 'અધિમનસ પરમાત્માનું અવતરણ.' જે અતિમનસ તથા આનંદના અવતરણની તૈયારી કરે છે.''



શ્રી અમલકિરણ નોંધે છે તેમ; 'આ ધરતીમાં 'સક્રિય દિવ્ય ચેતના'નો પ્રભાવ આ પૂર્વેના અવતાર શ્રીકૃષ્ણે ઉતારેલો. એનાથી એક ડગલું આગળ શ્રી અરવિંદે આ ચેતનાને સ્થૂળમાં મૂર્ત કરી.'

૧૯૨૬ના નવેમ્બર પછી શ્રી અરવિંદ પોતાની સાધનાની પૂર્ણ સિદ્ધિ માટે આશ્રમ તેમજ સાધકોના આત્મિક વિકાસની જવાબદારી શ્રી માતાજીને સોંપીને નેપથ્યમાં ચાલ્યા ગયા.

શ્રી અરવિંદની આ નિવૃત્તિથી મૂંઝાયેલા સાધકોને હૈયાધારણ આપતાં શ્રી અરવિંદે કહ્યું : 'તમને જો એમની મદદથી કાંઈ લાભ થઈ શકે એમ ન હોય તો મારી મદદથી તો તમને એથી પણ ઓછો લાભ દેખાશે. શ્રી માતાજી પ્રત્યે તમારી જાત ખુલ્લી રાખો. જો કોઈ વસ્તુ શ્રી માતાજીની ઇચ્છાવિરુદ્ધની હોય તે સર્વનો ત્યાગ કરો. શ્રી માતાજીને તમારી અંદર કામ કરવા દો. હંમેશાં એવી રીતે વર્તો કે જાણે શ્રી માતાજી તમારી સામે જ જોઈ રહ્યાં છે. કારણ કે ખરેખર તેઓ હંમેશાં હાજર છે.'

અધિમનસના અવતરણ પછી શ્રી માતાજીને 'સૃષ્ટિસર્જનનો શબ્દ' મળતાં તેઓ શ્રી અરવિંદની સમીપ તેમના ખંડમાં ગયાં. પણ શ્રી અરવિંદે કહ્યું : 'આપણે આ અધિમનસ સૃષ્ટિ નથી જોઈતી. આપણે અતિમનસ સૃષ્ટિ સર્જવાની છે.' શ્રી માતાજી પોતાના ખંડમાં ગયાં, બે કલાક સુધી તીવ્ર એકાગ્રતા કરી અને પૃથ્વી પર જે સૃષ્ટિ પ્રગટવાની અણી પર હતી, તેને વિખેરી નાંખી.

આમ, શ્રી અરવિંદના એકમાત્ર શબ્દથી શ્રી માતાજીએ પૂર્ણ સમર્પણભાવે એ અધિમનસસૃષ્ટિનું સર્જન બંધ રાખ્યું. એટલું જ નહીં અતિમનસ-સૃષ્ટિના સર્જન માટેની લાંબી, જહેમતભરી તૈયારીમાં લાગી ગયાં.

**—શ્રી કાર્તિકેય ભટ્ટ**

**(સંતોનું સાનિધ્ય)**

# ॥ તબકી કહૈ કબીર ॥

કબીર.

આમ, તો ત્રણ અક્ષરનું નામ છે : પણ બરાબર ઉચ્ચારી શકાય તો કુંડલિની જાગ્રત થઈ જાય. નામ કાને પડે અને આસપાસનું વાતાવરણ બદલાઈ જાય : આકાશ અને ધરતી બદલાઈ જાય. કોઈ આયનો ધરી બેસે તો આપણે ખુદ બદલાઈ ગયા છીએ એવો ચમત્કાર પણ અનુભવાય.

કોઈ વૃદ્ધ ભક્તનો ફોન આવ્યો : કબીરજયંતી વિશે તેઓ વાત કરતા હતા. કબીર ક્યારે જન્મ્યા ? પંડિતો વિવાદ કર્યા જ કરે છે. 'પંડિત વાદ વદન્તે જૂઠા' એમ તો કબીરે જ ગાયું છે. જે ક્ષણે કબીરનો મશાલ જેવો શબ્દ હૃદયને ઝળાંઝળાં કરી દે, તે જ દહાડે કબીરજયંતી. કબીરનું નામ કાને પડ્યું અને ન સમજી શકાય એવું સ્પંદન અનુભવ્યું.

કબીર કવિથી વિશેષ છે : કબીર ઋષિથી પણ વિશેષ છે. કવિ અને ઋષિ જે એક બિંદુએ મળે ત્યારે સર્જાતો ચમત્કાર એ કબીર છે. કબીરને આ ચમત્કારરૂપે અનુભવવા જેવો છે. તેમની કોઈ પણ સાખી, કોઈ પણ પદ જો તેના પૂર્ણ અર્થ અને પૂર્ણ ઉચ્ચાર સાથે મનમાં જાગે તો મહામંત્ર બની જાય.

કબીર પાસે કોઈ પણ સ્થિતિ, કોઈ પણ સંજોગોમાં જઈએ, એ આપણને નિરાશ નહીં કરે. મન આનંદમાં મત્ત હોય તો કબીરને મળો. ઉદાસીનાં વાદળ છવાઈ ગયાં છે ? કબીરનો જીવનદાયી શ્વાસ તેને વિખેરી નાંખશે. વિરક્તભાવમાં ડૂબ્યા છો ? કબીર ડૂબતાં શીખવશે. માયામાં ઠગાયા છો ? જીવનના દુર્ગમ કોઠાને ભેદી કેમ બહાર નીકળવું, તેનો બોધ કબીર કરશે. કોઈને અહંકાર હોય-ખાસ કરીને મારા જેવાને કવિ હોવાનો ગરૂર હોય તો કબીર પાણીથીય પાતળા કરી દેશે. કવિતાના



ચરમ શિખર પર અનુભૂતિના પરમ આનંદ સાથે એકાકાર કરી દેશે.

કબીર સરળ છે : કબીર શબ્દનો અર્થ શો એ વિચાર કદી મનમાં જાગ્યો છે ? અરેબિક ભાષામાં કબીર એટલે મહાન, શ્રેષ્ઠ. પરંતુ કબીર આપણી પાસે મહાન બનીને નહીં, આપણામાંના એક બનીને જ આવે છે. અહીં જ કબીરની મહાનતા છે : એ પોતાની મહત્તાને બોજ બનવા નથી દેતા. એ વારાણસીમાં જ નહીં, તમારા મનના એકાંતમાં પણ વસે છે. તમે એકલા પડો તો તમારી સાથે વાત પણ કરે છે. કબીરને જાણીએ છીએ. કબીરને પામ્યા છીએ એમ કહી આપણે કબીરને છેતરી જઈએ, પણ કબીર કદી છેતરતા નથી. એ તો કહે છે :

**કબીર આપ ઠગાઈયે**
**ઔર ન ઠગિયે કોઈ,**
**આપ ઠગ્યા સુખ ઊપજે**
**ઔર ઠગ્યા દુઃખ હોઈ.**

કબીર તેમની કવિતામાં વિશેષતઃ જાત સાથે જ સંવાદ કરે છે. એ કહે છે : 'કબીર, જાતે ઠગાવું, પણ કોઈને ઠગવા નહીં. આપણે ઠગાઈએ ત્યારે સુખ થાય છે. બીજાને ઠગીએ ત્યારે દુઃખ.' અહીં અવળવાણી નથી, નક્કર સત્ય છે. આપણે છેતરાઈએ ત્યારે છેતરનારાનો રાજીપો જોઈ આપણે સુખી થઈએ છીએ. આપણા ભોગે પણ આપણે કોઈને રાજી કરી શકીએ એથી મોટું સુખ કયું ? બીજાને છેતરીએ ત્યારે તો પળેપળ પશ્ચાત્તાપ કોરી ખાય.

કબીરની ભાષામાં સાદગી છે. સામાન્ય માણસની ભાષામાં એ અસામાન્ય ગહનતાને આકાર આપે છે. પરમાત્માને વણિક વેપારી ઘણાએ બનાવ્યા છે. નરસિંહની પુત્રીનું મામેરું પૂરવા પરમાત્મા વેપારી થઈને આવ્યા હતા ને ? કબીર આ રૂપકને

જુદી રીતે મૂકે છે :

**સાંઈ મેરા બાંણિયાં**
**સહજિ કરૈ વ્યૌપાર,**
**બિન ડાંડી બિન પાલડે**
**તોલૈ સબ સંસાર.**

મારા સ્વામી તો વણિક વેપારી છે : પણ એના વેપારની રીત સહજ છે-જુદી છે. એ આખા સંસારને તોળે છે, પણ એના ત્રાજવાને નથી દાંડી કે નથી પલ્લાં. આ બે પંક્તિમાં એકેય શબ્દ અઘરો નથી. પરંતુ એના પર મનન કરવા બેસીએ તો મહાસાગરની અંજલિ પણ હાથમાં ન આવે. કબીરનાં રૂપક આવાં જ હોય છે. સૌ કોઈને પરિચિત છતાં જે જવા માગે એને અપરિચિતતાના ગહન સુધી લઈ જાય એવાં :

**હરિ હીરા જન જૌહરી**
**લેવે માંડિય હાટિ,**
**જબર મિલૈગા પારિષુ**
**તબ હીરાં કી સાટિ**

હરિ હીરો છે : તેનો ભક્ત ઝવેરી છે : એ તો હાટ માંડીને બેઠો છે, પણ એમ જલદી સોદો ન થાય. કોઈ પારખનાર મળે ત્યારે જ હીરાનો સોદો થાય. હરિને ઓળખવા પણ મુશ્કેલ છે : પરંતુ હરિનો ભક્ત હીરો લઈ હાટ માંડે ત્યારે હરિ અને હરિના જન બંને ઓળખાતા નથી. કાચના ટુકડાની એટલી બધી હાટ બનાવટી ઝવેરીઓએ માંડી દીધી છે કે સાચા હીરાની પરખ કરનારો મળે ત્યારે જ કામ બને. ભક્ત હરિનું નામ લે : પણ એ બીજામાં ત્યારે જ સંક્રાંત કરી શકે, જ્યારે બીજો એ નામને ઓળખતો હોય.

**કબીર, સાંઈ તો મિલહિગૈ**
**પૂછહિગે કુસલાત,**



**આદિઅંત કી કહૂંગા**
**ઉર અંતર કી બાત.**

કબીરની શ્રદ્ધા તો જુઓ : દુનિયામાં આપણે કેટલા બધા લોકો આગળ આપણાં દુ:ખ રડીએ છીએ ! કબીર કોઈ પાસે પોતાની વાત કહી ઊણા ઊતરવા માગતા નથી. એ તો કહે છે : આખરે ક્યાંક તો પરમાત્મા મળશે જ : મળશે ત્યારે કંઈ ચૂપ થોડા રહેશે ? કુશળ-અંતર પણ પૂછશે. બસ, એ જ તકની આપણે રાહ જોઈએ છીએ. વણપૂછ્યે કશું કહેવાના નથી, પણ જરાક ખબર પૂછશે તો આદિથી અંત સુધી જે કાંઈ કહેવાનું છે એ કહી દઈશું.

કબીરની વાણીનો અર્થ કરવો વિકટ છે. એ વાણી શબ્દને માધ્યમ બનાવે છે, પણ પારાવારને સમાવતા એ શબ્દોના અર્થ કોઈ એક અર્થમાં બંધાતા નથી. કબીર પ્રશ્નો ઉઠાવે છે, ત્યારે તેમાં જ ઉત્તર હોય છે. ઉદાહરણ તરીકે, એક તેના પદની છેલ્લી પંક્તિઓ :

**યહુ મન બડા કિ જહાં મન માને**
**રામ બડા કિ રામ હિં જાને,**
**કહૈ કબીર હું ખરા ઉદાસ**
**તીરથ બડે કે હરિ કે દાસ.**

આ મન મોટું કે મનમાં જે નિવાસ કરે છે એ હરિ મોટા ? રામ મોટા કે રામને જાણનાર મોટો ? કબીર તો ઉદાસ થઈ ગયા છે-વિમાસણમાં પડ્યા છે : તીર્થ મોટું કે જે તીર્થની યાત્રા કરે છે એ હરિના દાસ ? આ પ્રશ્નોમાં જ જવાબ છે : અને એ જવાબમાં સરળતા, સહજતા અને ગહનતા છે.

કબીર ક્યાં રહે છે ?

**જહાં ન ચીંટી ચઢિ સકે**
**રઈ ના ઠહરાઈ,**
**મનપવનકા ગમિ નહીં**
**તહાં પહુંચે જોઈ.**

જ્યાં કીડી પણ ન ચડી શકે, જે સૂક્ષ્મબિંદુ પર રાઈનો દાણો પણ ન ટકી શકે, જ્યાં મન પવનની ગતિ નથી, ત્યાં કબીર પહોંચ્યા છે. અથવા તો.

**સુર નર થાકે મુનિ જના**
**જહાં ન કોઈ જાઈ,**
**મોટે ભાગ કબીર કે**
**તહાં રહે ઘર છાઈ.**

જ્યાં દેવ, મનુષ્ય, મુનિ પહોંચી શકતા નથી, પહોંચતાં પહેલાં જ થાકી જાય છે, ત્યાં ભાગ્યવાન કબીર ઘર બાંધીને રહ્યા છે.

કબીર જુદા કેમ લાગે છે ? એની વાણીમાં નોખો રણકો શા માટે છે ? કબીર જ એનો જવાબ દે છે :

**જહિયા કિરતમ ન હતા**
**ધરતી હતી ન નીર,**
**ઉતપતિ પરલય ના હતા**
**તબકી કહૈ કબીર.**

જ્યારે કર્તા-સર્જનહાર ન હતા, ધરતી ન હતી, પાણી ન હતું, ઉત્પત્તિ કે પ્રલય ન હતો, ત્યારની વાત કબીર કહે છે.

આ પંક્તિઓનો મર્મ સમજાવી શકાય નહીં. પામી જ શકાય.

**–હરીન્દ્ર દવે**



# ॥ દયામાતા ॥

શ્રી પરમહંસ યોગાનંદનાં પરમ શિષ્યા શ્રી દયામાતાનો જન્મ ઉતાહ (Utah)ના 'સોલ્ટ લેક' સીટીમાં થયો હતો. બાળપણથી જ તેમને પ્રભુ પ્રત્યે અનન્ય આકર્ષણ હતું. આઠ વર્ષની ઉંમરે શાળામાં પહેલીવાર 'ભારત' વિશે સાંભળતાં એમણે 'આંતરિક જાગૃતિ'નો ચમત્કારિક અનુભવ થયો. અને પોતાના 'જીવનની પરિપૂર્ણતાની ચાવી' ભારત પાસે હોવાની પ્રતીતિ થઈ. એ દિવસે જેવી શાળા પૂરી થઈ કે તેમણે ઘરે દોડી જઈ માતાને બહુ ઉલ્લાસથી કહ્યું, 'હું મોટી થઈને કદી પરણીશ નહીં. ભારત જઈશ.'

પંદર વર્ષની વયે દયામાતાના હાથમાં ભગવદ્‌ગીતા ગ્રંથ આવ્યો. પોતાનાં બાળકો માટેની સમજણ અને કરુણા હતાં. પ્રભુનાં બાળકો 'દિવ્ય જીવો' છે જે પ્રયત્નથી પોતાની જન્મજાત આધ્યાત્મિકતા તેમજ પ્રભુ સાથેની તદાકારતા અનુભવી શકે છે. પ્રભુની ખોજ માટે જીવન સમર્પી દેવાનો નિર્ણય તો દયામાતાએ કરી લીધો પણ પ્રશ્ન પજવી રહ્યો : 'જે પ્રભુને ચાહે છે અને જાણે છે એવા કોઈ છે ? ક્યાં છે ?'

સત્તર વર્ષની વયે ૧૯૩૧માં દયામાતાએ શ્રી યોગાનંદનાં પ્રથમ દર્શન પોતાના 'સોલ્ટલેક' શહેરમાં એમના પ્રવચન નિમિત્તે કર્યાં. દયામાતા લખે છે : 'વ્યાસપીઠ પર તેમને ઊભેલા જોઈને જ હું તો આભી બની ગઈ.' તેઓ ઈચ્છાશક્તિ (સંકલ્પ)ના આધ્યાત્મિક સામર્થ્ય તેમજ પ્રભુ માટેના પ્રેમ વિશે

બોલતા હતાં. પ્રભુ વિશે આમ બોલતાં આ પહેલાં મેં કોઈને સાંભળ્યા ન હતા. હું આશ્ચર્યચકિત થઈ ગઈ. તરત જ થયું 'આ પ્રભુને જાણે છે અને પ્રભુનો માર્ગ મને દર્શાવી શકે.' નિર્ણય થયો, 'હું એમને અનુસરીશ.' હું એમની અનુયાયી બનીશ. હજારોના શ્રોતાસમૂહને ભેદીને ગુરુજીને મળવું એ સમયે તો અસંભવિત હતું. પણ લોહીના દબાણથી પીડાતા દયામાતાને થોડા સમયમાં શાળા છોડી દેવી પડી. આ અભિશાપ આશીર્વાદ બન્યો કારણ કે તેઓ શ્રી પરમહંસજીના વર્ગો નિયમિત ભરવા શરૂ કરી શક્યાં દયામાતાના પાટાપીંડી બાંધેલા સૂઝેલા ચહેરા પર ગુરુનું ધ્યાન અચાનક ગયું. વર્ગને અંતે તેમણે શ્રોતાઓને કહ્યું, 'સાત દિવસમાં એમની બીમારીનું નામનિશાન નહીં રહે.' એમ જ થયું. દયામાતા પર આ દેખીતા નોંધપાત્ર સુધારા કરતાં વધારે મોટી કૃપા એ થઈ કે, એમને પ્રભુના માણસને મળવાનો અવસર સાંપડ્યો. પણ એ એટલાં બધાં સંકોચશીલ હતાં કે ખુદ એમને આશ્ચર્ય થાય છે કે એ દિવસે પોતે તેમને આ શબ્દો કહેવાની હિંમત કેવી રીતે કરી શક્યાં? એમણે કહ્યું હતું, 'તમારા આશ્રમમાં પ્રવેશવાની મને ઉત્કટ ઇચ્છા છે અને પ્રભુની ખોજમાં મારું જીવન સમર્પવું છે.' ગુરુએ કહ્યું 'તમે કરશો.'

દયામાતાને ઘરે વિરોધ થયો પણ ગુરુજીના સૂચવ્યા મુજબ તેમણે પ્રભુ આગળ હૃદય ઠાલવ્યું, આંસુ સાર્યાં. ને થોડા કલાક પછી તેમનામાં અસીમ શાંતિ આવી પછી તે રડી શક્યાં નહીં. તેમને પ્રતીતિ થઈ ગઈ કે, પ્રભુએ પ્રાર્થના સાંભળી. બે સપ્તાહમાં દ્વાર ખૂલી ગયાં અને દયામાતા લોસ એન્જલસના શ્રી



પરમહંસના આશ્રમમાં જોડાઈ શક્યાં.

અલબત્ત, આશ્રમજીવન સહેલું ન હતું. ગુરુજીએ કહ્યું; 'સ્વામી શ્રી યુક્તેશ્વરે જે સખત શિસ્ત મને વર્ષો શીખવાડેલું એ જ મેં તમને અર્પ્યું છે કેમકે તમારે આધ્યાત્મિક વારસો અને વ્યવસ્થા સંભાળવાનાં છે.' ગુરુજી દયામાતાને ક્રમશઃ વધારે ને વધારે જવાબદારી સોંપતા ગયા. પોતાનો પાર્થિવ દેહ છોડવાની વેળા પાસે આવી પહોંચી લાગતાં ગુરુજીએ દયામાતાને કહ્યું : 'રાત-દિવસ પ્રભુના પ્રેમનું એવું આકંઠ પાન કરો કે પ્રભુ સિવાય કશાને તમે ઓળખો નહીં. અને તે પ્રેમ સર્વને અર્પો.' ગુરુજીનાં આ વચનો દયામાતા માટે 'Guiding Light' (માર્ગદર્શક પ્રકાશરૂપ) બન્યા.

૧૯૫૨ની ૭મી માર્ચે ગુરુ શ્રી યોગાનંદે મહાસમાધિ લીધી. ત્રણ વર્ષ પછી દયામાતા 'સેલ્ફ રિઅલાઈઝેશન ફેલોશિપ'ના પ્રેસિડેન્ટ બન્યાં અને 'કરુણાનાં માતા' અર્થાત્ 'દયામાતા' બની ગુરુજીનો સંદેશ પ્રસારવા માંડ્યાં.

જહૉન ધ બેપ્ટીસ્ટની જેમ દયામાતાએ કહ્યું, 'Make straight the way of the Lord.' 'સીધો પ્રભુનો રાહ લો.' કોઈ ધર્મ, કોઈ સંપ્રદાયનો નહીં, 'એક પિતા પરમાત્માનાં બાળકો' તરીકે સર્વને સ્વીકાર્યાં અને દેશમાં જ નહીં, સમગ્ર દુનિયામાં 'ONLY Love' 'કેવળ પ્રેમ' પ્રભુ માટે પ્રેમ જગવવા મથી રહ્યાં.

**–'Only Love' પુસ્તકની**
**પ્રસ્તાવનાનો ભાવાનુવાદ**

# ॥ જ્ઞાનમાતા ॥

જ્ઞાનમાતા શ્રી પરમહંસ યોગાનંદના શિષ્યા હતાં. તેમનું મૂળ નામ 'એડિથ' હતું. ૧૮૬૯માં ૪થી જુલાઈએ કેનેડાના મિનેસોટામાં જન્મેલાં જ્ઞાનમાતાનું બાળપણ ભારે વિટંબણાયુક્ત હતું. તેઓ માત્ર ૮મા ધોરણ સુધી જ ભણી શક્યાં. પણ જ્ઞાન માટેની પિપાસા તેમને ધર્મગ્રંથો તેમજ ફિલસૂફીનાં પુસ્તકો સુધી લઈ ગઈ. જેમ જેમ તે વધારે ને વધારે વાંચતાં ગયાં તેમ એમને પ્રતીત થયું કે, 'ગુરુ અનિવાર્ય છે.' ૧૯૨૫માં સિટેલમાં શ્રી યોગાનંદ સાથે મેળાપ થતાં તેમને એમનામાં પરમાત્માદર્શી સદ્‌ગુરુનાં દર્શન થયાં, જેની એમને તલાશ હતી.

છ વર્ષની ઉંમરે ચર્ચમાં પાદરીએ કહેલા શબ્દો 'God would not allow us to depend upon anything but Himself.' (ઈશ્વર પોતાના સિવાય કશા પર આપણને નિર્ભર થવા નહીં દે) એમને બરાબર સમજાયેલા. ત્યારથી જ એમની પ્રભુ તરફની સ્થિર પ્રગતિ આરંભાઈ ગઈ. શાળા છોડતાં આખું જગત વર્ગખંડ બની ગયું અને તેમના શિક્ષકો તેમના અનુભવો બની ગયા !

વૉશિંગ્ટન યુનિવર્સિટીના લૉના પ્રૉફેસર સાથે તેમનાં લગ્ન થયાં. તેમનાં પ્રવચનો પર મુગ્ધ થઈ વિદ્યાર્થીઓ તેમને 'Father in Law' કહેતા. નવાઈની વાત એ હતી કે પતિનાં ઘણાં પ્રવચનોની Script જ્ઞાનમાતા લખી આપતાં ! એમનો દીકરો રેક્ષ પણ વકીલ બન્યો.



જ્ઞાનમાતાએ કવિવર ટાગોરને પહેલીવાર સાંભળ્યા ત્યારે 'અંધારા ઘરમાં હો અને કોઈ અચાનક પડદો હટાવે ને પ્રકાશનું પૂર આખા ઓરડામાં રેલાઈ જાય' એવો એમના સ્મિતનો અનુભવ જ્ઞાનમાતાને થયો. જ્ઞાનમાતા ખૂબ વાંચતાં પણ 'સત્સંગ' હેતુ અને 'આધ્યાત્મિક પ્રાપ્તિ' લક્ષ્ય રહેતાં. હિંદુધર્મવિષયક પહેલો ગ્રંથ વાંચતાં એમને થયું : 'I shall never be the same again'(હું એનીએ ફરી કદી નહીં રહી શકું).

ઈ.સ.૧૯૨૪માં શ્રી યોગાનંદ સિટેલમાં આવ્યા ત્યારે જ્ઞાનમાતાએ પોતાના પુત્ર રેક્ષને એમના વર્ગમાં મોકલ્યો. ને પુત્ર મારફત શ્રી યોગાનંદનો ઉપદેશ તેમણે જાણ્યો. (માતાને ઉપદેશ જણાવવાની શ્રી યોગાનંદે અપવાદરૂપે પુત્રને છૂટ આપેલી) જ્ઞાનમાતાને લાગ્યું કે, 'બધા મહાન સંતોએ પ્રભુ ખોજવા કહ્યું છે પણ દિનપ્રતિદિન એ ખોજ ચાલુ રાખી શકવાની પૂર્ણ ટૅકનિક કોઈએ બતાવી નથી. શ્રી યોગાનંદ પૃથ્વી પર વિગતપૂર્ણ સૂચનો આપવા પધાર્યા છે.'

રેક્ષે શ્રી યોગાનંદને ડીનર માટે નિમંત્ર્યા. એ ૧૯૨૫ની જુલાઈ ૧૨મીએ જ્ઞાનમાતા એમને રૂબરૂ પહેલીવાર મળ્યા. ત્યારે જાણે પોતાની પ્રાર્થનાઓ અને પ્રતીક્ષાનો પ્રભુએ ઉત્તર પાઠવ્યો એવું જ્ઞાનમાતાને લાગ્યું. કોઈ સ્વાગતના શબ્દો સૂઝયા નહીં કેવળ 'મને આશીર્વાદ આપો કે હું પ્રભુનો સાક્ષાત્કાર કરી શકું' એવો ભાવ પ્રગટ થયો. ડાઈનિંગ ટેબલ પર એક salt shaker હતું જે ટેબલ પર અધ્ધર રહેતું હતું. શ્રી યોગાનંદ એને સ્થિર કરી શક્યા કેમકે એમણે સંકલ્પ કરેલો કે, એણે સ્થિર

થવું જોઈએ ! બીજે દિવસે કેવળ જ્ઞાનમાતા એને સ્થિર કરી શક્યાં કારણ કે ‘ગુરુજીનાં આંદોલનો મારામાં હતાં. નહીં કે મેં આ કર્યું’ એવું એમણે કહ્યું.

૧૯૩૦માં જ્ઞાનમાતાનું હૃદય એન્લાર્જ થતું હતું, નળીઓ સખત થઈ ગઈ હતી, એમની ડાબી કીડનીમાં અવરોધ ઊભો થયો હતો. એ જ સમયે એમના પતિએ કેલિફોર્નિયામાં ઘર લીધું જે ગુરુજીના લોસ એન્જલસના આશ્રમથી સો માઈલ જ દૂર હતું. તેથી જ્ઞાનમાતા ગુરુજીને વારંવાર મળી શક્યાં. અને શ્રી યોગાનંદનાં રોગહર્તા આંદોલનોથી એમના શરીરની સમસ્યાઓ શાન્ત થઈ ગઈ. ગુરુજીનાં પ્રથમ દર્શનથી જ એમનાં આંદોલનોમાં જીવતાં જ્ઞાનમાતા પૂરાં વીસ વર્ષ એ અવસ્થામાં રહ્યાં. શ્રી યોગાનંદે જ્ઞાનમાતાને કહી રાખેલું : ‘તમારું સમર્પણ આખા આશ્રમમાં અનુભવી શકાય છે. આ તમારું ઘર છે. જ્યારે પણ આવવાની ઈચ્છા થાય અહીં આવવું.’

પતિના અવસાન બાદ જ્ઞાનમાતા માઉન્ટ વૉશિંગ્ટનના આશ્રમમાં રહેવા આવી ગયાં. ત્યારે ગુરુજીએ એ જ કહ્યું : ‘તમારા દિવ્ય અસ્તિત્વથી તમે જેને પવિત્ર કર્યું છે એવા ઘરમાં તમને સદૈવ આવકાર છે.’ ૧૯૩૨ના જુલાઈની ૨૦મીએ જ્ઞાનમાતાને દીક્ષા મળી અને શ્રી યોગાનંદે તેમને ‘sister to all mankind’ તરીકે ઓળખાવ્યાં. કોઈપણ સ્વાર્થી હેતુ કે દુન્યવી પ્રાપ્તિને બદલે કેવળ અંતરાત્માના દિવ્ય જીવનલક્ષ્ય માટેના સહજ પ્રેમને અનુસરવાનું આ પર્વ આવ્યું એમ સમજી જ્ઞાનમાતા પરમાત્મા અને ગુરુ માટે જીવનની સંપૂર્ણતા સાધવા ભગીરથ



પ્રયત્ન કરવા માંડ્યાં. તેમનો મંત્ર બન્યો : ‘God Alone’ (એકલો પરમેશ્વર) અને પરમેશ્વરને કદી એક ક્ષણ પણ નહીં વીસરવાના સોગંદ લીધા. ‘ગુરુ મારા જીવનના ધ્રુવતારક છે એમની ને મારી વચ્ચે કશું જ નહીં આવી શકે.’ એવો મક્કમ નિર્ધાર કર્યો. તેમણે કહ્યું : ‘શ્રી યોગાનંદ સામાન્ય આધ્યાત્મિક શિક્ષક નથી, ઈસુ ખ્રિસ્ત જેવા ગુરુ છે. જેમની આંતરચેતના પરમેશ્વર સાથે સંવાદી છે એ પ્રભુમય ચેતના પોતાનાથી ક્ષણભર પણ વિસરાતી નથી.’

કોઈએ જ્ઞાનમાતાને પૂછ્યું, ‘ગુરુજી ખંડમાં પ્રવેશે છે ત્યારે તમે બહાર કેમ જતાં રહો છો ?’ ત્યારે જ્ઞાનમાતાએ કહ્યું, ‘એ મારા પર દૃષ્ટિ કરે એને માટે મારા તરફથી કોઈ નાનકડું અમસ્તું કારણ પણ હું આપવા ચાહતી નથી. હું એક શબ્દ પણ મારા માટે એ ઉચ્ચારે એવું પ્રેરવા નથી માગતી.’ ગુરુ માટે કેવો સૂક્ષ્મ સૂઝભર્યો આદર ! કેટલી સહજ સંવાદિતા અને કેવી વિનમ્રતા ! જ્ઞાનમાતા ‘સાચી શિષ્યા’ શબ્દના દરેક અર્થમાં હતાં. ગુરુની ઈચ્છાને શરણે રહેવામાં ગુરુની પ્રત્યક્ષ-પ્રગટ હાજરી પણ એમને જરૂરી ન હતી લાગતી. ગુરુ માટે કેવો ઊંડો પ્રેમ અને કેવી કાળજી !

જ્ઞાનમાતાને આશ્રમમાં કોઈપણ કામ સોંપવામાં આવે પછી એ રસોઈનું, સફાઈનું, આતિથ્યનું, પત્રો લખવાનું કેમ ન હોય દરેક કાર્ય તેઓ સ્વેચ્છાથી, શાંતિથી, સામર્થ્યથી, પ્રસન્નતાથી તેમજ સૂક્ષ્મ એકાગ્રતાથી કરતાં. બહુ બોલતાં નહીં, પણ જ્યારે પણ બોલે ત્યારે ડહાપણ છલકતું. ગરિમા, સાદગી, સરળતા

અને વિનમ્રતાની જાણે મૂર્તિ ! 'Living her holy life for God Alone !' એકલા પરમેશ્વર માટે જ તેઓ પવિત્ર જીવન જીવતાં જ્ઞાનમાતાની ભૂમિકા બહુ ઊંચી હતી પણ એમની સંનિધિમાં આવતાં સામાન્ય જનો પ્રત્યેનો એમનો અભિગમ અત્યંત ગૌરવપૂર્ણ રહેતો અને એટલે જ આશ્રમમાં એકવાર 'હૅરસ્ટાઈલ'ની ચર્ચા કરતી છોકરીઓને એમણે બીજા ખંડમાંથી લઈ આવી 'લેડીઝ હોમ જર્નલ'નો અંક આપ્યો એમ કહીને કે 'આ કદાચ તમને કામ લાગે.' નહીં ટીકા, નહીં ફરિયાદ કે નહીં સમય વેડફાય છે એવું કોઈ ટીપ્પણ ! એમની સમજણ વિશાળી, અત્યંત વિશદ હતી કે, 'વિકાસના બધા તબક્કાઓમાંથી મનુષ્યોએ પસાર થવાનું હોય છે.'

જો કોઈ દુકાનદાર, ડૉક્ટર, લારીવાળો કે મુલાકાતી જ્ઞાનમાતાની મુલાકાતથી પીડાહારક શક્તિની શાતા અનુભવતો તો તેઓ કહેતાં, 'મારી મારફત તમારો ઉપચાર ગુરુ કરે છે.' એમણે શ્રી યોગાનંદને પણ કહેલું, 'I consider myself a storage battery for your holy vibrations' (હું મારી જાતને આપનાં પવિત્ર આંદોલનો માટેની 'સંચિત બૅટરી' માનું છું.)

જ્ઞાનમાતાએ યોગાનંદનાં શિષ્યા તેમજ એસ.આર.એફનાં પ્રેસિડેન્ટ દયામાતાને એક પત્ર પાઠવેલ જેમાં લખેલું :

(૧) તમારા લક્ષ્ય સિવાય કંઈ જુઓ નહીં. તમારા લક્ષ્યને સદા તમારી સામે ઝળહળતું રાખો એ સિવાય કંઈ જુઓ નહીં.

(૨) પ્રસંગો મહત્ત્વના નથી પણ એમના દ્વારા આપણે જે



બનીએ છીએ એ મહત્ત્વનું છે.

(૩) દરેક દિવસે દરેક વસ્તુ એવી રીતે સ્વીકારો કે એ પરમાત્મા તરફથી તમારા સુધી આવી છે.

(૪) રાત્રે બધું પ્રભુના હાથોમાં પાછું સોંપી દો.

પરમહંસજી પ્રત્યેના પ્રત્યેક પત્રને અંતે જ્ઞાનમાતા લખતાં : 'કૃપા કરીને મને સીધું કહી દો જેથી હું મારી જાતને સુધારી શકું અને પૂર્ણતાથી જીવી શકું.'

ગુરુ વારંવાર પત્રના પ્રત્યુત્તર પાઠવી ન શકતા પણ એકવાર એમણે જ્ઞાનમાતાને લખેલું : 'હું મારા હૃદય અને ચૈતન્યથી તમને હંમેશ લખતો રહું છું.'

પોતાની કથળતી જતી તબિયતને કારણે જ્ઞાનમાતા આશ્રમમાં વધારે રહી શકે એમ ન લાગતાં તેમણે રમૂજ કરતાં કહ્યું; 'શીખવવા તો તમે કોઈને પણ બોલાવી શકશો પણ દૂધની બાટલીઓ કોણ લાવશે ?' પોતે આશ્રમની નાનામાં નાની સેવા માટે કહેતાં, 'જે સ્વૈચ્છિક રીતે ઉપકરણ બનવા ચાહે તેના દ્વારા પ્રભુ કાર્ય કરે છે.'

'આવતી કાલે બપોરે હું નહીં હોઉં' એમ કહીને ખરેખર બીજે દિવસે બપોરે વિશ્રાન્તિના સમયે ટૂંકા શ્વાસ લીધા પછી જ્ઞાનમાતાએ થોડાક દીર્ઘ શ્વાસ ભર્યા અને ત્યારબાદ શ્વાસ અટકી ગયો, સંકેલાઈ ગયો. કોઈકે કહ્યું 'એ નિદ્રામાં જતા રહ્યા.' પરમહંસજીએ કહ્યું, 'ના, એ જાગૃતિમાં આવવા જેવું હતું.' છેલ્લે જ્ઞાનમાતાના ચહેરા પર સ્મિત ઝળકતું હતું, ભાવ હતો, 'શો આનંદ ! કેવો આનંદ ! અતિશય આનંદ ! નિરતિશય આનંદ !'

૧૯૫૧ની ૧૭મી નવેમ્બરે ૮૨મે વર્ષે જ્ઞાનમાતાનો દેહવિલય થયો એના થોડા દિવસો પહેલાં શ્રી યોગાનંદે ડિનર આપેલું, એમ કહીને 'જ્યારે મહાન આત્મા પૃથ્વી ત્યજે ત્યારે એની પરમાત્મામાં મુક્તિને ભોજનથી વધાવવી રહી.'

અંતિમ સમયે જ્ઞાનમાતાનું માથું ગરમ હતું, પગ ઠંડા હતા. તે તપાસવા આશ્રમવાસીઓને સૂચવી શ્રી યોગાનંદે કહ્યું : 'સમાધિની ઉચ્ચતમ અવસ્થામાં એમણે દેહત્યાગ કર્યો છે અને મુક્ત દશાને પામ્યાં છે. હું પણ ટૂંક સમયમાં વિદાય લઈશ.' શિષ્યાની વિદાય પછી ચાર મહિના બાદ શ્રી યોગાનંદ પણ દેહાતીત થઈ ગયા !

શ્રી યોગાનંદે જ્ઞાનમાતા માટે કહ્યું : 'એમણે જીવનભર બહુ જ સહન કર્યું છતાં એમની આંખમાં પીડાનું એક ચિહ્ન ન હતું. તે મહાન સંત અને મહાન આત્મા હતાં. તેથી તે પરમેશ્વર સાથે છે. દિવ્ય પ્રેમ અને પ્રસન્નતા એમનાં જીવનસત્ત્વ હતાં, એ ઊંડા જ્ઞાન-ડહાપણના સ્રોત હતાં.'

ચળકતા સાગરમાં ઝાકળનું ટીપું સરકી ગયું. નામરૂપ ત્યજી જ્ઞાનમાતાએ શાશ્વતતાનું પરિધાન કરી લીધું. પ્રત્યેક ફૂલ, પ્રત્યેક પર્ણ, પ્રત્યેક હવાની લહેરમાં, જ્યાં તે રહ્યાં-જીવ્યાં એ ધરતીના(અણુએ અણુમાં) અને ચમકતા તારાઓ, આકાશગંગામાં, જ્યાં જ્યાં વૈશ્વિક ચૈતન્ય છે ત્યાં સિસ્ટરનો આત્મા અનુભવી શકાય છે.

**–'God Alone' પુસ્તકની**
**પ્રસ્તાવનાનો ભાવાનુવાદ**



# ॥ દ્રૌપદી ॥

ઊડિયા સર્જક પ્રતિભા રાયની 'દ્રૌપદી' નવલકથા એટલે આધુનિક દૃષ્ટિએ મહાભારતનો વિચાર.

'દ્રૌપદી' એટલે માનવીય મર્યાદિત પ્રેમનો પરમચૈતન્ય પ્રત્યેના પ્રેમમાં ચેતોવિસ્તાર. કૃષ્ણ પ્રત્યેના માનવસહજ પ્રેમમાંથી વિકસેલો પરમચૈતન્યસ્વરૂપ કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ એ દ્રૌપદીનો, મનુષ્યચેતનાનો વિકાસ-વિસ્તાર છે. 'હું'થી 'આપ' સુધીનો, 'તમે મારા છો' થી 'હું તમારી છું' સુધીનો ભાવવિકાસ, સર્વ-સમર્પણભાવનો પ્રાદુર્ભાવ : દ્રૌપદીના કૃષ્ણ સાથેના અને એ દ્વારા માનવમાત્ર માટે શક્ય એવા જીવ-શિવના સંબંધના રહસ્યને ઉઘાડ આપે છે.

'મહાભારત' આપણો પૌરાણિક મહાગ્રંથ. આપણા જ નહીં, વિશ્વભરના પૌરાણિક ગ્રંથો મનુષ્યચેતનાની ક્ષમતા-મર્યાદાના સમુચિત આલેખનથી સભર-સમૃદ્ધ છે અને અનેક અર્થઘટનોને અવકાશ આપે છે.

'દ્રૌપદી' નવલકથાની નાયિકા દ્રૌપદી છે. કથન દ્રૌપદીને મુખે જ કૃષ્ણને પત્રરૂપે છે. સમગ્ર 'મહાભારત'નું નહીં, દ્રૌપદી-સંદર્ભિત ઘટનાઓનું અહીં નિરૂપણ થયું છે. દ્રૌપદી કહે છે, 'મહાભારત'ના નાયક કૃષ્ણ છે. જાણે 'દ્રૌપદી'ના નાયક પણ કૃષ્ણ જ હોય, એટલી બધી એમની વ્યાપ્તિ કૃતિમાં સતત અનુભવાય છે. મરાઠી નાટ્યકાર વસંત કાનેટકરના 'મીરાં મધુરા' નાટકમાં કૃષ્ણ ક્યારેય સદેહે ઉપસ્થિત નથી, ને છતાં સતત કૃષ્ણ છે-છે ની અનુભૂતિ થાય છે, તેમ 'દ્રૌપદી'માં કૃષ્ણ સદેહે ઉપસ્થિત હોય ત્યારે તો ખરા જ, ઘટનાસ્થળે ઉપસ્થિત ન

હોય ત્યારેય એમનાં ચૈતન્ય-સ્પંદનો સતત અનુભવાય છે.

કૃષ્ણ મનુષ્યદેહે લૌકિક છતાં અલૌકિક છે. એમની સાથેનો કૃષ્ણાનો સંબંધ કૃષ્ણ-કૃષ્ણા નામ પૂરતો જ નથી; કૃષ્ણ દ્રૌપદીના પાર્થિવ અને ભાવમય જગતમાં સંપૂર્ણપણે વ્યાપ્ત છે. ક્ષમા ધર્મરાજ યુધિષ્ઠિરનો અતિગુણ, એની સામે અનેક વાર ખુલ્લેખુલ્લો કે મનોમન આક્રોશ દ્રૌપદીએ કર્યો, ભરસભામાં અપમાનિત થવાથી દુઃખ અને રોષથી સળગી ઊઠીને દુઃશાસનના રક્તથી કેશ-સ્નાન કરવાની પ્રતિજ્ઞા લીધી, એ જ દ્રૌપદી પોતાના પાંચે પુત્રોને એકસાથે ઊંઘતા હણી નાંખનાર અશ્વત્થામાનેય ક્ષમા આપે છે. કૃષ્ણાની આ મનુષ્યચેતનાના વિકાસનું પ્રેરકબળ કૃષ્ણ જ છે; કૃષ્ણ જ દ્રૌપદીના ઉદ્ધારક છે.

દ્રૌપદી ભારતીય સંસ્કૃતિનું વિરલ વ્યક્તિત્વ છે. દ્રૌપદીના પાત્ર દ્વારા મહાભારતકારે વિવિધ પ્રકારના સંબંધોની શક્યતા ચકાસી છે, તલાશી છે. દ્રૌપદી પાંચ પતિને વરી છે-આથી એક વિલક્ષણ સંબંધ રચાય છે. સ્વયંવરસભાથી જ દ્રૌપદીને કર્ણ પ્રત્યે છૂપું,-એને પોતાનેય સમજાય, ન સમજાય એવું આકર્ષણ છે. દ્રૌપદી કૃષ્ણને પ્રેમ કરે છે, કૃષ્ણમય છે : આ દ્રૌપદીની ગણના સતીસાધ્વી સ્ત્રીમાં થાય છે, એ વિચક્ષણતા ચારિત્ર્યશીલ દ્રૌપદીએ સિદ્ધ કરી છે, વિવિધ સંબંધોની સરાણે ચડીનેય દ્રૌપદી હેમખેમ પાર ઊતરી છે.

દ્રૌપદી : અગ્નિકુંડમાંથી એનો જન્મ હિમગિરિની અતિશીતળ ગોદમાં એનું અવસાન. વિધિની આ વક્રતા છે. કુરુસભામાં એ જ્વાળા થઈ શકે છે : પાંચે પતિ, ગુરુજનો, સર્વ વડીલજનો અને ભરીસભા સમક્ષ, જે યુગમાં અવાજ ઉઘાડવોયે અશક્ય હતો, ત્યારે એ અવાજ ઉઠાવીને પ્રશ્નો પર પ્રશ્નો પૂછે છે. આ જ્વાળામુખી દ્રૌપદી વિચારશીલ અને માનવતાભરી



પણ છે. કુંતી-આજ્ઞા માથે ચડાવીને, પાંચ પતિને વરવાની વિકટ પરિસ્થિતિ એ સમજપૂર્વક સ્વીકારે છે. દુઃશાસનના રક્તથી કેશ-સ્નાન કરતાં કરતાં, એ પરિસ્થિતિની ભયાનકતાથી ચીખી ઊઠે છે, "બસ કરો, બસ કરો..." એટલું જ નહીં, પાંચેય પુત્રોની નિર્ઘુણ હત્યાથી પુત્રવિહોણી થઈ જવા છતાં, માતા હરિતા પ્રત્યે પ્રેમ-સહાનુભૂતિને કારણે અશ્વત્થામાનો વધ અટકાવે છે. એક તરફ ભભૂકતો ક્રોધાગ્નિ અને બીજી તરફ હિમાલયની સહનશીલતા ને ઔદાર્ય, - આ છે દ્રૌપદીની નિયતિ.

હૃદયમાં કર્ણ પ્રત્યે શા ભાવ છે, એ જાણે દ્રૌપદી પોતેય કળી શકતી નથી. કર્ણની માનહાનિથી દ્રૌપદીને દુઃખ થાય છે, એના હૃદયના ઋજુકોમળ ભાવ જાગી ઊઠે છે. કર્ણ અપમાન કરે છે ત્યારે દ્રૌપદીનો ક્રોધ તરત તો માઝા મૂકે છે, પણ પછી એનું હૃદય કર્ણને થયેલા અન્યાયો અને અપમાનોને યાદ કરીને પોતાનાં દુઃખ-અપમાન ભૂલી જાય છે.

મહાભારતની દ્રૌપદીની જેમ જ પ્રતિભા રાયની દ્રૌપદી પણ આમ તો સર્વસામાન્ય મનુષ્ય જ છે. મનુષ્યમાં સહજ એવી બધી જ આશાઆકાંક્ષાઓ ને રાગદ્વેષ એનામાંયે છે જ; તો સાથે જ એ અત્યંત ચેતનવંતી છે, તેજસ્વિની છે, તીવ્ર બુદ્ધિમતી છે, નિર્ભીક છતાં વિવેકશીલ છે, સંવેદનશીલ છે અને કરુણાના તત્ત્વથી સભર હૃદયની છે, તેથી એ એક અસામાન્ય નારી બને છે.

દ્રૌપદીની પ્રખર બુદ્ધિમત્તાની પ્રતીતિ તો પ્રસંગે પ્રસંગે થતી જ રહે છે. મહાયુદ્ધને હવે એક રાત જ બાકી છે, ત્યારે કૃષ્ણે યુદ્ધમાંથી ખસી જવાની વાત કરી. સૌએ હાથ જોડીને વિનંતી કરી ત્યારે એ બોલ્યા, "આ ધર્મયુદ્ધ છે, એટલે યુદ્ધની પહેલાં મનને નિર્મળ, પવિત્ર, મુક્ત કરી લેવું જોઈએ; તો જ હું અર્જુનના રથનો સારથિ બનીશ. નહીં તો મને વિદાય આપો."

બધા પાંડવોએ પોતપોતાની નિર્બળતા પ્રગટ કરી. પછી વારો આવ્યો દ્રૌપદીનો. જરાયે સંકોચ વગર એણે કહી દીધું : ''મારા હૃદયની પહેલી નબળાઈ છે પ્રિય મિત્ર મધુસૂદન...''અને પછી, આ વિચક્ષણબુદ્ધિ નારીએ કર્ણ પ્રત્યેના પોતાના આકર્ષણને ઉઘાડું પાડ્યા વગર પણ સત્ય તો કહી જ દીધું : ''મારા હૃદયની બીજી નબળાઈ છે, મા કુંતીની નબળાઈ પણ એ જ છે...જ્યેષ્ઠ કુંતીપુત્રથી માંડીને સૌથી નાના કુંતીપુત્ર સુધી બધાની પ્રત્યે મને આકર્ષણ છે...'' અહીં એણે કર્ણનોયે સમાવેશ કરી લીધો- 'જ્યેષ્ઠ કુંતીપુત્ર' કહીને.

કર્ણ પૂરેપૂરું મનુષ્યપાત્ર છે. એ પણ દ્રૌપદી પ્રત્યે પરસ્પર વિરોધી ભાવમાં આંદોલિત થયા કરે છે. ઘડીમાં અન્યાય અને અપમાનનો બદલો લેવાનો ભાવ પ્રબળ બને છે, ઘડીમાં મમતાનું ઝરણ અછડતું પ્રગટ થઈ જાય છે.

કુંતી વ્યથાની સાક્ષાત્ મૂર્તિ છે. કુંતીના કર્ણપ્રેમને કંઈક અંશે સમજી શકે છે દ્રૌપદી; પણ કર્ણ કુંતીના પોતાની પ્રત્યેના પુત્રપ્રેમને આવકારી શકતો નથી. અપમાન અને અન્યાયોથી એ જાણે બધિર થઈ ગયો છે, સંવેદનાજડ થઈ ગયો છે ને એટલે તો પોતાની અજ્ઞાત માતા પ્રત્યેનો રોષ એણે જીવનભર ઠાલવ્યા કર્યો દ્રૌપદી પર. કર્ણ ને કુંતી, કર્ણ અને દ્રૌપદીના સંબંધો કોઈનાયે ગૌરવને આંચ ન આવે એ રીતે આલેખાયા છે.

સ્વાભાવિકપણે જ દ્રૌપદીને સવિશેષ પ્રેમ છે અર્જુન પર, સ્વયંવરસભામાં પોતાને જીતનાર વીર અર્જુન પર. ને તેમ છતાં એ જાણે છે ને કહે પણ છે કે ભીમસેન જ મારા રક્ષક છે, એમનો જ મારી પર સૌથી વધુ પ્રેમ છે. સહદેવ અને નકુલ તો બાળક જેવા નિર્દોષ ને નિખાલસ છે.



આ બધામાં સ્થિતપ્રજ્ઞ અને અનાસક્ત છે યુધિષ્ઠિર. એમને એકમાત્ર આસક્તિ છે : દ્યૂતક્રીડા. એ સિવાય ગમે તેટલા કપરા સંજોગોમાં, પત્ની દ્રૌપદીના નારીગૌરવને હણતાં અપમાનો વખતે પણ એ નિર્વિકાર મૂક સાક્ષીભાવે જોયા કરે છે. આ ધર્માત્મા યુધિષ્ઠિર માટે દ્રૌપદી નિખાલસપણે કહે જ છે, 'યુધિષ્ઠિરની ભક્તિ કરી શકાય, એમને પ્રેમ ન કરી શકાય.'

'માયા' નામના કાલ્પનિક પાત્રને સર્જકે પહેલાં કૃષ્ણની અને પછી કૃષ્ણ તરફથી ભેટરૂપે દ્રૌપદીની સહચરી તરીકે કૃતિમાં પ્રવેશ આપ્યો છે. માયા પ્રતીકાત્મક છે. માયા એટલે પરમેશ્વરની લીલારૂપ શક્તિ, આદિશક્તિ, અવિદ્યા. હિમગિરિની સુવર્ણરજમાં સૌથી પહેલાં માયાનું મૃત્યુ થાય છે. સહચરીરૂપી માયાના અવસાનથી દ્રૌપદી આ ભાસમાન જીવન અને જગત પ્રત્યેની માયાથીયે મુક્ત થાય છે. આગળ જતાં દ્રૌપદી પડી જાય છે, એ વખતે મરણોન્મુખ દ્રૌપદીને માયા જગતભરની માયાવિનીરૂપે પ્રતીત થાય છે. સદેહ માયાનું દેહરહિત માયામાં રૂપાંતર સહજ અને સાર્થક જણાય છે.

આ કૃતિની એક બહુ જ મહત્ત્વની વાતઃ સર્જકે આધુનિક વિચાર અને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી 'દ્રૌપદી' નવલકથા લખી છે; અને તે સાથે જ મહાભારતનાં ગૌરવ અને ગરિમા પૂર્ણપણે જાળવ્યાં છે.

મૂળ મહાભારતનો જ આધાર લઈને ઉપસાવેલા વ્યક્તિત્વને વિચારશીલતા અને નારીઅસ્મિતા-જાગરૂકતા બક્ષીને અધિક પાસાદાર બનાવ્યું છે. જુદી જુદી ઘટનાસંદર્ભે દ્રૌપદીના મનમાં જે વિચારો આવે છે, પ્રશ્નો ઊઠે છે, એનાં સમાધાન એ શોધે છે,

ક્યારેક એ વિચારો-પ્રશ્નો અન્ય સમક્ષ અભિવ્યક્ત કરે છે, તેમ જ પોતાને જે ઉચિત જણાય, ન્યાયિક લાગે એ પ્રમાણે જ વર્તે છે, એમાં એની આધુનિકતા અનુભવાય છે. દ્રૌપદી એક નારી છે અને નારી હોવાને કારણે જ એને જે વિષમ પરિસ્થિતિનો સામનો કરવો પડે છે, એ એને નારીસમસ્યાઓ તરફ દોરી જાય છે; પણ એની આધુનિકતા કેવળ નારીસમસ્યાઓ પૂરતી જ મર્યાદિત નથી. અનેક બાબતે એની આધુનિક વિચારસરણી અનુભવાય છે. મનુષ્ય-મનુષ્ય વચ્ચેના કોઈપણ પ્રકારના ભેદભાવ પ્રત્યે એના મનમાં વિરોધ જાગે છે :

દ્રૌપદીના સ્વયંવરમાં સ્પર્ધાનો નિયમ હતો કે ઉચ્ચ કુળનો વંશજ હોય, તે જ લક્ષ્યવેધ કરીને દ્રૌપદીને પ્રાપ્ત કરી શકશે. લક્ષ્યવેધ કરવા ઊભા થયેલા કર્ણને ધૃષ્ટદ્યુમ્ને આ નિયમ યાદ કરાવ્યો. કર્ણ ધનુષ્ય એની જગાએ મૂકીને ચૂપચાપ પોતાની જગાએ જઈને બેસી ગયો દ્રૌપદીને થયું.

''અસંખ્ય રાજાઓના પરાજય અને કર્ણના અપમાન માટે સ્વયંવરની આ અદ્‌ભુત શરત જ જવાબદાર છે, તો હું પણ એમાં ભાગીદાર કેમ ન ગણાઉં ? મારે કારણે... કર્ણ જેવા વીર વંશપરિચયની વાત પર અપમાનિત થયા. તેથી મારા મનમાં ખૂબ પશ્ચાત્તાપ થયો. ખરેખર તો આ સ્વયંવરની જરૂર જ શી હતી ?...હું વરપૂર્વ !...પહેલેથી જ વરી ચૂકેલી હતી...જન્મમૃત્યુ જો વિધાતા નક્કી કરે છે, તો પછી એ માટે કોઈ વ્યક્તિ કલંકિત કેમ કહેવાય ? કર્ણની એ વિષાદગ્રસ્ત છબી મારા હૃદયને કરુણા અને સહાનુભૂતિથી આર્દ્ર કરી ગઈ. મેં મનમાં ને મનમાં કહ્યું-વીર કર્ણ, તમારું આ અપમાન અને લાંછન...એમાં મારો જરા પણ ફાળો હોય તો માફ કરજો.



તમારા અપમાનની જ્વાળા હું અનુભવું છું.''

મહાભારતકારે દ્રૌપદીસ્વયંવરમાં કર્ણને અપમાનજનક શબ્દો, ''હું સૂતપુત્રને વરીશ નહીં'' દ્રૌપદીના મુખે પ્રગટ કર્યા છે. પ્રતિભા રાયે દ્રૌપદીના ભાઈ ધૃષ્ટદ્યુમ્નને મુખે આ વાત રજૂ કરી છે : લેખિકાએ અહીં અને અન્યત્ર પણ મૂળ મહાભારતકથામાં કરેલા કેટલાક ફેરફારો કથાને તેમ જ સંદર્ભિત પાત્રોના વ્યક્તિત્વને ઉપકારક નીવડ્યા છે. આ નવલકથાની દ્રૌપદી કર્ણનું અપમાન તો નથી જ કરતી, કર્ણના અપમાનમાં પોતે નિમિત્ત બની છે, એનુંયે એને તીવ્ર દુઃખ છે.

કથાપ્રવાહમાં અંતરાય ન આવે, એકરૂપ થઈ જાય, સુસંગત થાય એ રીતે, જાતકુળ-ઊંચનીચના ભેદભાવ ન રહે, કર્ણ અને એકલવ્યને થયા એવા અન્યાય ભવિષ્યમાં કોઈનેય ન થાય, આર્યઆર્યેતરોનું મિલન થાય, એમનો પરસ્પર સંપર્ક, સદ્‌ભાવ અને સંબંધ વધે એવી ભાવના અને રચનાત્મક યોજના પણ દ્રૌપદી દ્વારા રજૂ થતી રહી છે. એક પ્રસંગે કૃષ્ણનેય અતિથિઓના પગ ધોતા અને એમની એંઠી પત્રાવળી ઉપાડતા આલેખીને શ્રમનો મહિમા રજૂ કર્યો છે, કોઈ કામ નાનું નથી, ઊતરતું નથી, હલકું નથી, એવો સંકેત કર્યો છે.

આ જ રીતે, વિભિન્ન ઘટનાઓ સાથે સરસતાથી વણી લઈને પ્રતિભા રાયે નારીને થતા અન્યાય અને તેના જીવનની વ્યથાવેદનાને વાચા આપીને નારીમુક્તિની આધુનિક ભાવના અને વિચારોને ગતિ આપી છે :

''ઈશ્વરે મને અપૂર્વ લાવણ્યમય કાયા આપી હતી. પ્રેમભર્યું હૃદય આપ્યું હતું. આ સુંદર આંખો ખોલીને હું આ મોહક સૃષ્ટિને

જોઈ રહી હતી, ત્યારે મને યજ્ઞ કરી રહેલા ઋષિમુનિઓની વાણી સંભળાઈ,-'મારો જન્મ પિતાના વીર્યથી નહોતો થયો. પ્રતિજ્ઞા પૂરી કરવા માટે રચેલા યજ્ઞની વેદીમાંથી થયો હતો.' જન્મતાં પહેલાં જ પિતાના અપમાનનો બદલો લેવા લાચાર ! આ પૃથ્વી પર ધર્મરક્ષા અને દુષ્ટનાશનું અસ્ત્ર બનવાની છું. એ માટે પૃથ્વી પર આવી છું. શું યુગેયુગે ધર્મરક્ષા અને દુષ્ટસંહાર માટે નારીએ જ માધ્યમ થવું પડશે ? નારી જ સૃષ્ટિ અને વિનાશનું કારણ છે ? કોઈ વાર લંકાવિનાશ અને રામરાજ્યની પ્રતિષ્ઠા માટે સીતાને માધ્યમ બનવું પડ્યું. એ માટે એમને પોતાના જીવનનું બધું સુખ છોડીને વનવાસિની થવું પડ્યું. પછી રાવણની વાસનાઓએ એને અશોકવનમાં કેદી બનાવી. કલંકિત કરી, દુઃખ દીધું. છેવટે પૃથ્વી પર ધર્મની પ્રતિષ્ઠા થઈ. પ્રભુ રામના જન્મનો ઉદ્દેશ પૂરો થયો; પણ છેવટે સીતાને શું મળ્યું ? રામ દ્વારા દેશવટાનો દંડ ! બધાની સામે સતીત્વની પરીક્ષા ! ધરતી એમના લાંછનથી ફાટી ગઈ, સીતા પોતાનું દુઃખ, શરમ, અપમાન છુપાવવા માટે ધરતીની ગોદમાં ચાલી ગઈ.''

કૃષ્ણ, અર્જુન, અન્ય પાંડવો અને કર્ણ સાથેના દ્રૌપદીના સંબંધો, આ સૌની રસિકતા, બુદ્ધિમત્તા, આ બધાં તેમજ અન્ય પાત્રોના પરસ્પર રાગદ્વેષ, ભાવાવેગ અને ભાવનાશીલતા, દ્રૌપદીનું વિચારચિંતન, કુંતીની પુત્રવ્યથા, યુધિષ્ઠિરની પ્રજ્ઞા, કૃષ્ણની 'સકળ-અકળ' સર્વજ્ઞતા અને આત્માની પરમાત્મા સાથેના સંબંધ સુધી વિકસતી ચેતનાઃ પ્રતિભા રાયની સર્જકતાથી રમણીય આવિષ્કાર પામ્યાં છે.

—જયા મહેતા
(અનુવાદક)



# ॥ ભગવાન પર ગુસ્સો ॥

આખા દિવસની થકવી નાંખતી દોડધામ અને પારાવાર કંટાળા સાથે એક માણસ પોતાના ઘરે પાછો આવ્યો. એને લાગતું હતું કે એ દિવસ જ જાણે એના માટે ખરાબ ઊગ્યો હતો. સવારથી કાંઈક ને કાંઈક વિઘ્ન એને નડતું જ રહ્યું હતું. માથું ભારે થઈ ગયું હતું. પગ પણ દુઃખી ગયા હતા.

ઘરે આવીને એ ખુરશીમાં પડ્યો. થોડીવાર પછી દુઃખતા પગને આરામ આપવા એણે ફૂટ-મસાજર નામનું મશીન કાઢ્યું. પગને મસાજ કરવાથી આરામ મળશે એમ માનીને એણે એ શરૂ કર્યું. પરંતુ એ દિવસે જાણે કઠણાઈ દરેક પગલે એની સાથે જ ચાલવાની હોય એમ એ મશીન શરૂ ન થયું. એ માણસ ઘણું મથ્યો, પરંતુ મશીન તો જાણે ન ચાલવાના સોગંદ લઈને બેઠું હોય એમ ન ઊપડ્યું એટલે ન જ ઊપડ્યું.

કંટાળીને એ માણસે મશીનને પડતું મૂક્યું. પછી આકાશ સામે જોઈને ફરિયાદના સ્વરે કહ્યું, 'વાહ ! ભગવાન ! આજે મને હેરાન કરવાનું તેં નક્કી જ કરી નાંખ્યું લાગે છે, ખરું ને ! આજે મારું એક પણ કામ તેં સરખું નથી થવા દીધું. ડગલે ને પગલે આજે તો તેં બસ, તકલીફો જ આપી છે.' પછી વ્યંગ કરતાં બોલ્યો, 'આટલું બધું હેરાન કરવા માટે જ અમે તને દયાળુ કહેતા હોઈશું, બરાબરને !' આટલું કહીને એ ખુરશીમાં લાંબો થયો. આખા દિવસની હાડમારી તેમજ થાકથી એની આંખ ક્યારે મળી ગઈ એની એને ખબર જ ન રહી.

અચાનક એણે જોયું કે ભગવાન ખુદ એની સામે ઊભા

હતા. એમનું સ્વરૂપ અદ્‌ભુત હતું. દિવ્ય ચહેરો, અપ્રતિમ સૌંદર્ય તેમજ મંદ-મંદ હાસ્ય ! એ પોતાની જગ્યાએથી ઊભો થઈ ગયો. એનાથી હાથ જોડાઈ ગયા. એણે આદત મુજબ હાથ તો જોડ્યા, પરંતુ આખા દિવસની હાડમારીનો ગુસ્સો હજુ એના મનમાંથી નહોતો ઊતર્યો. પોતાનો ગુસ્સો દબાવવાના પ્રયત્નો નિષ્ફળ નીવડતાં એણે ભગવાનને ચિડાયેલા અવાજે જ પૂછી નાખ્યું, 'ભગવાન ! હું તમને બે-ચાર સવાલ પૂછવા માંગું છું, તમને વાંધો ન હોય તો પૂછી શકું ?'

ભગવાન એમ જ મંદ મંદ હસતા બોલ્યા, 'ચોક્કસ દીકરા ! તારે પૂછવા હોય એટલા સવાલો તું પૂછી શકે છે !'

'પણ પ્રભુ ! મને વચન આપો કે તમે ખિજાશો નહીં તો જ પૂછું !'

'હા ભાઈ ! હા ! વચન આપું છું બસ ! નહીં ખિજાઉં.' એકદમ માયાળુ અવાજે ભગવાને કહ્યું.

'તમે મને આજના દિવસે આટલી બધી તકલીફો કેમ આપી ?' પેલા માણસે પૂછી જ નાંખ્યું.

'કઈ તકલીફો ? તું મને જરા વિગતે જણાવીશ તો હું કંઈક જવાબ આપી શકીશ !' ભગવાને એવા જ માયાળુ અવાજે કહ્યું.

'જુઓ પ્રભુ !' પેલાએ વિગતથી બધી ફરિયાદ કરવાનું શરૂ કર્યું, 'મેં ઍલાર્મ મૂકેલો છતાં આજે હું ખૂબ જ મોડો ઊઠ્યો. ઍલાર્મ વાગ્યા પછી એને બંધ કરીને હું ક્યારેય સૂતો નથી, પરંતુ આજે ઍલાર્મ બંધ કરીને હું પાછો સૂઈ ગયો. એના કારણે ઊઠવામાં મોડું થઈ ગયું. આજે જ આવું કેમ થયું એની મને સમજણ નથી પડતી. ઝડપથી તૈયાર થઈને નીકળ્યો તો ખરો પણ



મારી કાર બગડી ! કોઈ વાતે એ સ્ટાર્ટ જ નહોતી થતી. કાર વગર તો હું મારા કામ પર પહોંચી શકું એમ છું જ નહીં, અને હું જ્યાં રહું છું ત્યાં કોઈ પણ પ્રકારનાં પબ્લિક ટ્રાન્સપોર્ટની સગવડ જ નથી. એટલે ન છૂટકે મારે પોતાને બૉનેટ ખોલીને કારને સમી કરવી પડી. પૂરી ચાલીસ મિનિટ પછી મારી કાર સ્ટાર્ટ થઈ. એ પછી ઑફિસે પણ એવું જ થયું.' એ માણસે ઑફિસની વાત યાદ કરતાં કહ્યું. વાત કરતી વખતે એની નારાજગી હજુ એમ જ વ્યક્ત થઈ રહી હતી.

બપોરે જમતી વખતે વેઈટરે મારી રોજની થાળીને બદલે બીજી થાળી આપી દીધી અને એ પણ એક કલાક મોડી. મેં એ થાળીની ના પાડી અને મારી રોજની ફિક્સ થાળી જ માંગી તો એણે કહ્યું કે મારી થાળી એના હાથમાંથી પડી ગઈ હતી. એણે માફી પણ માંગી. પરંતુ મારે તો એક કલાક વાટ જોવી જ પડી અને ખાવાનું ભાવ્યું નહીં એ નફામાં ! એ પછી સાંજે પાછા ફરતી વખતે મારો સેલફોન બંધ થઈ ગયો. એના કારણે મારાં બે-ચાર અગત્યનાં કામ અટકી પડ્યાં. એના લીધે મને આવતી કાલે થોડી વધારે તકલીફ પડવાની. અને છેલ્લે હમણાં જ મારો થાક દૂર કરી આપતું ફૂટમસાજર પણ બગડી ગયું. હવે બોલો પ્રભુ ! આમ સવારથી લઈને સાંજ સુધી મને હેરાન કરવામાં તમને શું મળ્યું ? હું પૂછી શકું કે તમે મને આટલો દુઃખી શું કામ કર્યો ? આમ તો તમને કોઈ આવો સવાલ કરી શકે નહીં, પરંતુ જ્યારે તમે મને છૂટ આપી જ છે તો પૂછું છું કે આ બધા પાછળ તમારું શું પ્રયોજન હતું એ કહેશો ?

ભગવાન હસી પડ્યા પછી એકદમ મૃદુ અવાજમાં બોલ્યા, 'દીકરા ! આજે સવારે મૃત્યુનો ફરિશ્તો તારા ખાટલા પાસે

પહોંચી ગયો હતો. તું ઊઠે કે તરત જ તને જોરદાર હાર્ટઍટેક આવે અને એ જ ક્ષણે તને મોત ઉઠાવી લે એવું નક્કી થયેલું હતું. પરંતુ ગઈકાલે સાંજે તેં અનાથાશ્રમના કાર્યક્રમમાં મોટું દાન આપ્યું હતું. એના લીધે ત્યાં રહેતાં બાળકોની ઘણી તકલીફો દૂર થઈ ગઈ. અનાથાશ્રમના સંચાલકે કાલે રાત્રે ત્યાં રહેતાં બાળકો પાસે તારી લાંબી ઉંમર માટે પ્રાર્થના કરાવી હતી. બસ ! એ દુવાઓના કારણે મારે તારી જિંદગી લંબાવ્યા વિના છૂટકો જ નહોતો. જો તું એ જ ક્ષણે ઊઠે તો તને હાર્ટઍટેક આવી જાય, એવું ન બને એટલા માટે મેં તને સૂવડાવી જ રાખ્યો હતો. એ પછી મારા ખાસ દૂત દ્વારા મૃત્યુના ફરિશ્તાને પાછો બોલાવી લીધો હતો !'

'ઓહ ! એમ વાત હતી ! પરંતુ મને એની ખબર ક્યાંથી હોય ?' આશ્ચર્યચકિત થતાં એ માણસે કહ્યું.

'હવે વાત કરીએ તારી કારની ! તો મારા મિત્ર ! તારા રોજના રૂટ પર એક દારૂડિયો ડ્રાઈવર ટૅન્કર લઈને નીકળ્યો હતો. તું જો વહેલો નીકળ્યો હોત તો તારી કાર જરૂરથી એના ટૅન્કર સાથે અથડાઈ જાત. કારણ કે એ ખૂબ જ ખરાબ રીતે ચલાવતો હતો. એટલે એ અકસ્માત ટાળવા મારે તારી કાર તેમજ બીજી ઘણી બધી કારને લગભગ ચાલીસેક મિનિટ માટે રોકી રાખવી પડી હતી.'

પેલો માણસ કાંઈ બોલ્યો નહીં, પરંતુ એના મોં પરના ભાવ કહેતા હતા કે એને હવે થોડીક શરમ આવી રહી હતી.

'અને હા !' ભગવાને એવા જ મૃદુ અવાજે કહ્યું, 'બપોરની રિસેસમાં તને જુદી થાળી મળી શકે એ માટે વેઈટરના હાથમાંથી તારી મૂળ થાળી મારે જ પાડવી પડી હતી. તને કે વેઈટરને



ખબર નહોતી પરંતુ એ થાળીમાં ખોરાકી ઝેર ભળી ગયું હતું. ભૂલથી પણ જો એ ભોજન તારા પેટમાં ગયું હોત તો તું અત્યારે ભયંકર ઝાડા-ઊલટી સાથે કોઈક દવાખાનામાં ભરતી થઈને પડ્યો હોત. હું જાણું છું કે હાલ તને માંદગી પોસાય તેમ નથી અને જૉબમાં રજા પાડવી પણ તારા માટે બિલકુલ શક્ય નથી. એટલે વેઈટરના હાથમાંથી તારા મનપસંદ ભોજનની થાળી પાડી દેવા સિવાય મારી પાસે બીજો કોઈ વિકલ્પ જ નહોતો !'

સંકોચથી પેલો નીચું જોઈ ગયો. લાગતું હતું કે હવે એને પોતાના વિચારો માટે ખૂબ સંકોચ થઈ રહ્યો હતો.

'આજે સાંજે ઑફિસથી પાછા ફરતી વખતે તારો સેલફોન બંધ થઈ ગયો હતો, બરાબર ?' ભગવાને વાત ચાલુ રાખતાં કહ્યું, 'એના કારણે તારાં કેટલાંક અગત્યનાં કામ અટવાઈ ગયાં હતાં બરાબર ? પરંતુ તને એ વાતની ખબર તો ક્યાંથી હોય કે બરાબર એ જ વખતે એક એવો માણસ તને ફોન કરવાનો હતો જેનો ઈરાદો તને બ્લેકમેઈલ કરવાનો હતો !'

'શું વાત કરો છો પ્રભુ ! ખરેખર ?' પેલાથી વચ્ચે બોલાઈ ગયું.

'હા ! એ તને એવી વાતમાં ફસાવવા માગતો હતો કે જે વાતચીત તને કાયદાની ચુંગાલમાં ફસાવી શકે તેમ હતી. તારા ફોનને ટેપ કરવાની તૈયારી સાથે એ બેઠો હતો, પણ તારો ફોન બગડી ગયો એટલે એ માણસ એની ચાલમાં નિષ્ફળ ગયો. હવે કાલે વહેલી સવારે એ વિદેશની લાંબી સફરે જતો રહેવાનો છે અને તારો ફોન કાલ સુધી રીપેર થાય તેમ નથી ! એટલે તું બહુ જ મોટી જફામાંથી બચી ગયો છે !' ભગવાન એ માણસની આંખોમાં હવે સીધું જ જોઈને બોલ્યા.

એ માણસ ભગવાનની દૃષ્ટિ સહન ન કરી શક્યો. નીચું જોઈ ગયો. એની આંખો ભરાઈ આવી. હવે એને ખબર પડી ગઈ હતી કે એ કેવી કેવી ફરિયાદો કરી રહ્યો હતો !

'અને પેલા તારા ફૂટ મસાજર વિશે વાત કરવાની તો રહી જ ગઈ,' ભગવાને વાતને પૂરી કરવાનું જ નક્કી કર્યું હોય એમ લાગતું હતું, 'તારા ફૂટ મસાજરમાં એક વાયર છૂટો થઈ ગયો છે. હકીકતે એ વાયર બરાબર વચ્ચેથી કપાઈને બાજુના વાયરને અડકી ગયો છે. જો તારું ફૂટ મસાજર શરૂ થયું હોત તો તને શૉક લાગત તેમજ તારા આખાય ઍપાર્ટમૅન્ટની લાઈટ જતી રહી હોત. અને જો એવું બની જાત તો તું આજે રાતનું તારું બધું અગત્યનું કામ શી રીતે કરી શકત ? તારું કામ તો ઠીક, ચોથા માળે રહેતા પેલા ઍંસી વરસના દાદાની તબિયત ખરાબ છે એમનું શું થાત ? એમનું કૃત્રિમ શ્વાસોચ્છ્વાસનું મશીન બંધ થઈ જાત અને એમની જિંદગી જોખમાઈ જાત. એમને હજુ એક વરસ આ ધરતી પર રહેવાનું છે. જો એમનો શ્વાસ અટકી જાત તો ? એટલે તમને બંનેને મદદ કરવા માટે જ મેં તારા ફૂટ મસાજરને બંધ કરી દીધું હતું !'

હવે એ માણસ કાંઈપણ કહી શકે એવી સ્થિતિમાં જ નહોતો રહ્યો. માથું નીચું રાખીને એ એટલું જ બોલી શક્યો કે, 'માફ કરજો પ્રભુ ! મને લાગે છે કે તમને સમજવામાં મારી મોટી ભૂલ થઈ ગઈ છે. મને લાગે છે કે હું ખરેખર એક પામર માનવી જ છું. મારે તમને આવી ફરિયાદો નહોતી કરવી જોઈતી. મને લાગે છે કે અમારી બુદ્ધિ તેમજ તર્ક તમારા ભેદને પામી શકે તેટલાં સતેજ નથી હોતાં, એટલે મને ક્ષમા કરજો ભગવાન !'

'મારા દીકરા !' ભગવાન બોલ્યા, 'ક્યારેય મારા પ્લાન માટે શંકા ન કરતો. હંમેશાં એ વિશ્વાસ રાખજે કે તારા જીવન



માટેનો મારો ઘડેલો પ્લાન તારા બનાવેલા દરેક પ્લાન કરતા ઘણો વધારે સારો જ હશે !'

એ માણસ નીચું જોઈને હકારમાં માથું હલાવી રહ્યો હતો. એની બંને આંખોમાંથી આંસુની ધાર વહેતી હતી. એને હવે સમજાઈ રહ્યું હતું કે જેને એ આખા દિવસની હાડમારી કહેતો હતો એ હકીકતમાં તો પરમકૃપાળુ પરમાત્માની અપરંપાર કૃપા હતી. એને પારાવાર પસ્તાવો થઈ રહ્યો હતો.

એના મસ્તક પર દિવ્ય તેજ ફેંકીને મંદ મંદ હસી રહેલા ભગવાન પાછા જવા માટે ફર્યા.

એ જ વખતે પેલો માણસ માંડ એટલું બોલી શક્યો કે, 'ભગવાન ! તમને એક વાત કહી શકું ?'

ભગવાને પાછું જોયું.

વહેતી આંખે એ બોલ્યો, 'આજે મેં જેટલી ફરિયાદો કરી એના માટે ક્ષમા માંગું છું. મારા આજના દિવસમાં જે જે બન્યું અને તમે મારું આટલું બધું ધ્યાન રાખ્યું એ માટે અને તમારો પ્લાન હંમેશાં સારો જ હોય એની ખાતરી મને કરાવવા માટે તમારો ખૂબ જ આભાર માનું છું ભગવાન !' એ માણસ વધારે બોલી ન શક્યો. એનો કંઠ રૂંધાઈ ગયો.

એક કરુણામય દૃષ્ટિ એના પર નાંખીને ભગવાન અંતર્ધાન થઈ ગયા.

પેલા માણસનું રડવાનું ધીમે ધીમે અટકી ગયું. એના મગજમાં અને મનમાં અત્યંત આનંદ તેમજ શીતળતા વ્યાપી ગઈ. બરાબર એ જ વખતે એની આંખ ખૂલી ગઈ !

**—શ્રી અજય જાની**

## ॥ નહીં અપેક્ષા નહીં ઉપેક્ષા ॥

'Seek not, Reject not'.

દીદીએ (વિમલાજીએ) પ્રથમ મિલને જ મને 'ઝંખો નહીં, તરછોડો નહીં' જીવનમંત્ર પકડાવી દીધો હતો. એમણે કહ્યું કે, આ શબ્દોને એના ગર્ભગૃહમાં જઈને ઉકેલજે અને સમજજે.

જીવનમાં જે કોઈ ઘટનાઓ ઘટે છે એ પરમના પ્રેમપત્રો જ છે. 'મારા જીવનમાં આવું કેમ ઘટ્યું ? આ સહી શકાય એવું નથી. આવું ના થવું જોઈએ.' —આ બધું તારા ચિત્તમાં ઊઠે તો સમજી લેજે કે, જે ઘટ્યું તેનો સંપૂર્ણ સ્વીકાર નથી, સ્વીકારવાની તૈયારી નથી.

સંપૂર્ણ સ્વીકાર જૂઠી સાંત્વનાથી કરવાનો નથી. શિયાળ કૂદકા મારીને દ્રાક્ષનું ઝૂમખું લેવા જાય છે, પહોંચી નથી વળતું એટલે કહે છે : 'દ્રાક્ષ ખાટી છે.' જે ઘટ્યું તે ટાળી શકતા નથી એટલે એની સાથે સમજૂતી કરવી એ પણ સ્વીકાર નથી.

ફૂલોનો સ્વીકાર છે અને કાંટાનો સ્વીકાર નથી. અરે ! બંનેમાં એક જ પરમાત્માનો રસ છે. એટલે તો કવિએ ગાયું છે :

'તેરે ફૂલોંસે ભી પ્યાર, તેરે કાંટોંસે ભી પ્યાર
જો ભી દેના ચાહે દે દે રે કિરતાર.'

તું જે રૂપે પ્રગટી રહ્યો છે એ રૂપમાં તારો પ્યાર જ ઉમટી રહ્યો છે.

'રાજી હૈ હમ ઉસી મેં, જિસમેં તેરી રજા હૈ
યૂં ભી વાહવાહ હૈ, વ્યૂં ભી વાહવાહ હૈ'

'જન્મ વાહ વાહ તો મૃત્યુ પણ વાહ વાહ જ છે.' એને સ્વીકારવાની જીવનકલા શીખી લો.

જિસસને શૂળી પર ચઢાવી રહ્યા હતા ત્યારે એમનાથી સહજ બોલાઈ ગયું; 'આ શું કરી રહ્યા છે એનું એમને ભાન નથી.' પણ બીજી ક્ષણે થયું; 'મારાથી આ શું કહેવાઈ ગયું ?' ને શબ્દો સરી પડ્યા; 'Let thy will be done.' તારી ઇચ્છા પ્રમાણે થાઓ.

જીવને જે મોકલ્યું છે એનો સંપૂર્ણ સ્વીકાર. જે નથી એની ઝંખના નહીં, જે આવી મળ્યું છે તેનો અનાદર નહીં. અપૂર્વ સંતોષ.

સંતૃપ્તિ (content) !

**—પ્રભા મરચંટ**



## ॥ ઝેનકથા ॥

## [એકવાર તમે ખાલી થઈ જાઓ]

પ્રખ્યાત ઝેન ગુરુ નાન-ઈન મઠમાં બેઠા હતા. એક વિદ્વાન શાસ્ત્રી ત્યાં આવી, પ્રણામ કરી સામે બેઠા. કહે : 'ગુરુજી, મને ઝેન વિશે કોઈ જ સમજ પડતી નથી. મેં ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે. દુનિયાના બધા ધર્મોનો અભ્યાસ કર્યો છે. પરન્તુ ઝેન વિશે કાંઈ ખ્યાલ આવતો નથી.'

ગુરુ થોડીવાર મૌનમાં બેસી રહ્યા. કાંઈ જ બોલ્યા નહીં, ઊઠીને અંદર ગયા. ચાની કીટલી લઈ બહાર આવ્યા. પંડિતના કપમાં ચા રેડવા લાગ્યા. કપ ભરાઈ ગયો, રેડવાનું ચાલુ રહ્યું. ચા છલકાઈને બહાર રેલાવા માંડી ત્યારે પંડિતથી રહેવાયું નહીં. તેમની ધીરજ ખૂટી ગઈ. બોલી ઊઠ્યા : 'બસ ! બસ ! બસ બસ ! હવે ચા રેડશો નહીં : કપ તો ભરાઈ ગયો છે !'

ગુરુ : 'આ કપની માફક તમારું આખુંયે વ્યક્તિત્વ હકીકતો, માહિતી અને જ્ઞાન વડે ભરાઈ ગયું છે. તમારા મગજમાં જરા જેટલી પણ જગ્યા ખાલી રાખી નથી. તેથી મને લાગે છે કે, હું જે કાંઈ કહીશ તે અંદર જવાને બદલે બહાર જ રેલાઈ જશે. માટે મારું સૂચન છે કે, એકવાર તમે ખાલી થઈ જાઓ. સંપૂર્ણપણે ભીતરમાંથી ખાલી થઈ જાઓ પછી જ ઝેન વિશે આપણે સંવાદ કરી શકીશું.'

**—શ્રી નીલરત્ન દેસાઈ**